
# વિશ્વવિહાર

વર્ષ : 24 * અંક : 11 * ઑગસ્ટ 2022 * કિં. ₹ 15



આવી હશે ઊડતી કાર



‘મહેન્દ્ર મેઘાણી : શતાબ્દીનાં વધામણાં’ વિશે સંજય ભાવે




‘માનસિક બીમારીમાં યોગની ઉપયોગિતા’ વિશે મુકેશભાઈ ચૌહાણ (યોગસાધક)




‘અમે ગીત ગગનનાં ગાશું’ કાર્યક્રમ અંતર્ગત
અમર ભટ્ટ દ્વારા કવિ ઉમાશંકર જોશીનાં કાવ્યોની પ્રસ્તુતિ

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ વતી મુદ્રક, પ્રકાશક અને તંત્રી : કુમારપાળ દેસાઈ, સંપાદક : પ્રીતિ શાહ
પ્રકાશનસ્થળ : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, ૫૧/૨, રમેશપાર્કની બાજુમાં, બંધુસમાજ સોસાયટી સામે,
ઉસ્માનપુરા, અમદાવાદ ૩૮૦ ૦૧૩. ફોન : ૨૭૫૫ ૧૭૦૩, મુદ્રણસ્થળ : અજય ઑફસેટ,
સી-૧૨, બંસીધર મિલ કમ્પાઉન્ડ, બારડોલપુરા, દરિયાપુર, અમદાવાદ ૩૮૦ ૦૦૪
◆
email : vishvakoshad1@gmail.com ◆ www.vishwakosh.org
છૂટક કિંમત : ₹ ૧૫/-, વાર્ષિક લવાજમ ₹ ૧૫૦/-, ત્રણ વર્ષનું લવાજમ ₹ ૪૦૦/-
લવાજમ : ‘ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ’ના નામે ડ્રાફ્ટ અથવા મ. ઑ.થી જ મોકલવું.
**વિશિષ્ટ સહયોગ : શ્રી સી. કે. મહેતા (દીપક નાઇટ્રેઇટ)**
[અહીં પ્રગટ થતાં લખાણોમાંના વિચાર-અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની છે.]

# વિરલ શ્રુતોપાસકની જન્મશતાબ્દીએ



મુનિરાજશ્રી જંબૂવિજયજી મહારાજ

વર્તમાનયુગમાં કઠિન શાસ્ત્રીય ગ્રંથોનું સંશોધન, અમૂલ્ય હસ્તપ્રતોનું સંરક્ષણ તથા અખંડ અને અવિરત શ્રુતોપાસનાના આદર્શ સમા દર્શનપ્રભાકર, શ્રુતસ્થવિર, તત્ત્વજ્ઞ મુનિરાજશ્રી જંબૂવિજયજી મહારાજનું આ જન્મશતાબ્દી વર્ષ છે. દાર્શનિક જ્યોતિર્ધરની ભારતીય સાહિત્ય અને સંસ્કૃતિની શ્રુતોપાસના અને સંયમજીવનની આરાધના દૃષ્ટાંતરૂપ ગણાતી હતી, તો એની સાથોસાથ જીવદયા, સાધર્મિક ભક્તિ અને ગરીબો તરફની સંવેદનાનો ધબકાર એમનું હૃદય સતત અનુભવતું હતું. એ સાધુ તરીકે, સંશોધક તરીકે અને સર્વકોઈના કલ્યાણને ઇચ્છનાર તરીકે સર્વત્ર આદર પામ્યા. ૮૭ વર્ષની ઉંમર સુધી એમની પ્રાચીન ગ્રંથોની ઉપાસના અને એના ગહન મર્મનું નિરૂપણ એટલું જ અપ્રમત્તભાવે ચાલુ રહ્યું હતું, પરંતુ ૧૨-૧૧-૨૦૦૯ને દિવસે તેઓ માર્ગ અકસ્માતમાં કાળધર્મ પામ્યા. એમના પિતા શ્રી ભોગીલાલભાઈ તે મુનિ ભુવનવિજયજી બન્યા અને માતા સાધ્વી શ્રી મનોહરશ્રીજી બન્યાં. મુનિરાજશ્રી જંબૂવિજયજી મહારાજ સદૈવ પોતાના જીવન પર અગાધ ઉપકાર કરનાર માતા-પિતા અને ભગવાન પ્રત્યે ઋણભાવ વ્યક્ત કરતા હતા.

પ્રસિદ્ધ દાર્શનિક શ્રી સિદ્ધસેન દિવાકરસૂરિએ લખેલા 'સન્મતિપ્રકરણ' ગ્રંથ પર પં. સુખલાલજી અને પં. બહેચરદાસ દોશીએ સાત વર્ષના અથાગ પરિશ્રમથી તૈયાર કરેલા 'સન્મતિપ્રકરણ' ગ્રંથના ટીકા સાથેના સંપાદન વિશે જ્યારે યુવાન સાધુ જંબૂવિજયજીએ એની કેટલીક ક્ષતિઓ વિશે ધ્યાન દોર્યું, ત્યારે આ બંને મહાપંડિતોને આશ્ચર્ય થયું અને એમાંથી આનંદરૂપ ઘટના એ સર્જાઈ કે પંડિત સુખલાલજીએ પુણ્યવિજયજી મહારાજને કહ્યું કે 'દ્વાદશાર નયચક્ર' ગ્રંથનું સંપાદન મુનિરાજશ્રી જંબૂવિજયજી કરે.

ચોથા સૈકામાં થયેલા જૈનાચાર્ય મલ્લવાદિક્ષમાશ્રમણે બાર પ્રકારનાં દાર્શનિક મંતવ્યોની વિશેષતા અને મર્યાદા દર્શાવીને અંતે એ સર્વને સમાવી લેતા અનેકાંતવાદની ચર્ચા કરી છે. આ ગ્રંથની મૂળ હસ્તપ્રત નહોતી મળતી, પરંતુ એના પર લખાયેલી ટીકાઓને આધારે ધર્મ અને તત્ત્વજ્ઞાનના અભ્યાસીઓને મુનિરાજ જંબૂવિજયજી પાસેથી એક અપૂર્વ અને અપ્રાપ્ય ગ્રંથ ઉપલબ્ધ થયો. ચાળીસ વર્ષ સુધી અખૂટ ધૈર્યથી

એમણે આનું સંશોધનકાર્ય કર્યું અને જરૂર ઊભી થતાં 'ભોટ' નામની પ્રાચીન તિબેટી ભાષા અને લિપિનો પણ અભ્યાસ કર્યો.

આમ સંશોધન જે ભાષાની પારંગતતા માગે તે ભાષામાં મુનિરાજશ્રી પારંગત થઈ જતા હતા. ફ્રેન્ચ, અંગ્રેજી, જર્મન, જાપાનીઝ, સિંહાલી, પાલિ અને તિબેટિયન ભાષામાં તેઓ નિપુણ હતા. વળી જ્ઞાનોપાસના સતત ચાલતી રહે તે માટે તેઓ મુખ્યત્વે કોઈ નાના ગામમાં ચાતુર્માસ કરતા, જેથી સાધુજીવનનું નિરતિચાર સંયમજીવન ગાળવાની સાથોસાથ તેઓનું શાસ્ત્ર-અધ્યયન અને સંપાદનનું કાર્ય નિર્વિઘ્ને ચાલ્યાં કરે. તેઓશ્રીનાં દર્શને જનારને એમની આસપાસ પ્રાચીન ગ્રંથોની હસ્તપ્રતો જોવા મળે. આવનાર વ્યક્તિ સાથે તે શ્રુતજ્ઞાનના મહિમાની વાત કરતા હોય. ઉચ્ચ પાંડિત્યની સાથે એમના હૃદયમાં પરમ કલ્યાણની ભાવના વસતી હતી. આથી જ પાંજરાપોળના કાર્ય તરફ કે ગરીબ અને દુઃખી સાધર્મિકો તરફ પણ એમની કરુણા સતત વહેતી હતી.

જાપાન, ઇંગ્લૅન્ડ, જર્મનીમાં પ્રાચીન ભારતીય શાસ્ત્રો વિશે સંશોધનકાર્ય કરનાર ઘણા વિદ્વાનો અને સંશોધકો એમની પાસે આવતા અને દિવસોના દિવસો સુધી એમની સાથે રહીને એમના પાંડિત્ય અને પાવનત્વ - બંનેનો અનુભવ કરતા. જૈન ધર્મ કે બૌદ્ધ ધર્મ વિશે કોઈ વિદ્વાનને અભ્યાસ કે સંશોધન કરવું હોય કે પછી સંસ્કૃત કે પાલિ ભાષાના વિષયમાં વધુ અભ્યાસ કરવો હોય તો તેઓ મુનિરાજશ્રી જંબૂવિજયજી પાસે દોડી જતા. ઇટાલીથી આવેલી અને જર્મન યુનિવર્સિટીમાં અભ્યાસ કરતી મિશેલ જ્યારે જંબૂવિજયજી મહારાજ કચ્છના નાના રણમાં પાટડી નજીકના નાના ગામમાં બિરાજમાન હતા ત્યારે એમને મળી હતી અને એમના માર્ગદર્શન હેઠળ એણે અભ્યાસ કર્યો હતો.

## અનુક્રમ


| | | |
|---|---|---|
| વિરલ શ્રુતોપાસકની જન્મશતાબ્દીએ | ૩ | કુમારપાળ દેસાઈ |
| ક્યાં છે ઊડતી કાર ? | ૭ | ચિંતન ભટ્ટ |
| મહેન્દ્ર મેઘાણી : શતાબ્દી પ્રવેશે | ૧૦ | સંજય ભાવે |
| સાડા આઠ વર્ષની સફર | ૧૪ | પ્રવીણ ક. લહેરી |
| ગુલાબી ! કેમ કરી જાશો ચાકરી રે ! | ૧૭ | રતિલાલ બોરીસાગર |
| ઇન્સ્ટાગ્રામ અને ટિકટોકનો ગૂગલને પડકાર | ૨૦ | હર્ષ મેસવાણિયા |
| અસ્મિતા વિશેષ સંવાદ | ૨૩ | ભદ્રાયુ વછરાજાની |
| માતાની ગોદની હૂંફ | ૨૭ | પ્રીતિ શાહ |
| પૂર્વજોની ભૂમિ સાથે સનાતન અનુબંધ | ૨૯ | ભારતી રાણે |
| વાત વરસાદની | ૩૨ | – |
| વિશ્વકોશવૃત્ત | ૩૪ | – |

એ જ રીતે જાપાનની હિરોશીમા યુનિવર્સિટીની હિરોકો નામની વિદ્યાર્થિની એમની પાસે આવીને જૈન ધર્મ અને બૌદ્ધ ધર્મનો અભ્યાસ કરવા ઉપરાંત સંસ્કૃત શીખતી હતી. એણે પોતાનાં માતાપિતાને જાપાનથી બોલાવ્યાં હતાં અને એમની સાથે શ્રી શત્રુંજય તીર્થની યાત્રા કરી હતી. ઑસ્ટ્રેલિયા, અમેરિકા, ઇટાલી, જાપાન, દક્ષિણ આફ્રિકા સહિતના અનેક દેશોના સંશોધકો માટે મુનિરાજશ્રી જંબૂવિજયજી સંશોધનની દીવાદાંડી સમાન હતા.

જૈન જ્ઞાનભંડારોના સંરક્ષણની પરંપરા મુનિરાજશ્રી જંબૂવિજયજીએ અનોખી રીતે દીપાવી. એમની પહેલાં જૈનભંડારોના સંરક્ષણની મુનિશ્રી કાંતિવિજયજી, મુનિશ્રી ચતુરવિજયજી અને મુનિશ્રી પુણ્યવિજયજીએ આગવી પરંપરા સ્થાપી હતી. એમણે જૈનભંડારોમાં રહેલી હસ્તપ્રતોની જાળવણી અંગે મોટું કામ કર્યું. વળી પૂર્વે આગમો એમ ને એમ પ્રસિદ્ધ થયા હતા ત્યારે આગમપ્રભાકર મુનિરાજશ્રી પુણ્યવિજયજી મહારાજે આગમ-સંશોધનના મહાકાર્ય દ્વારા ઉત્તમ ગ્રંથો આપ્યા હતા, તે પરંપરાને મુનિરાજશ્રી જંબૂવિજયજીએ એક વધુ ઊંચા સોપાને પહોંચાડી. 'અનુયોગદ્વાર' સૂત્ર જેવો આગમોને ઉકેલવાની ચાવી સમો ગ્રંથ એમણે આપ્યો, તો હરિભદ્રસૂરિની કૃતિ 'ધર્મબિંદુ'નું સંપાદન કર્યું. કણાદના વૈશેષિક સૂત્રોના અર્વાચીન પાઠ સામે તેમણે પ્રાચીન પાઠ શોધી આપ્યા. સંશોધન માટેનો શ્રમ, ચીવટ, ખંત એ બધું તો હતું, પરંતુ એમની પાસે એક ત્રીજી આંખ હતી જે સંશોધન સમયે મૂળ ગ્રંથના મર્મને કે એની ખૂટતી કડીને ઉજાગર કરી આપતી. હેમચંદ્રાચાર્યના યશસ્વી શિષ્યો પૂ. રામચંદ્રસૂરિજી અને પૂ. ગુણચંદ્રસૂરિજીએ નાટકક્ષેત્રે અને દાર્શનિક ક્ષેત્રે મહત્ત્વનું પ્રદાન કર્યું. એ જ રીતે કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યના જીવનની છેલ્લી કૃતિ ગણાતી 'યોગશાસ્ત્ર'નું મુનિરાજશ્રી જંબૂવિજયજીએ કરેલું સંપાદન એક નવી ભાત ધરાવે છે. એમના ગ્રંથો મુંબઈના શ્રી મહાવીર જૈન વિદ્યાલયે જૈન આગમ ગ્રંથમાળા દ્વારા અને દિલ્હીની શ્રી ભોગીલાલ લહેરચંદ ઇન્સ્ટિટ્યૂટે વિશેષપણે પ્રકાશિત કર્યાં. પ્રાચીન ગ્રંથોનું એમનું સંપાદનકાર્ય પચીસ હજારથી વધુ પૃષ્ઠોમાં પથરાયેલું છે.

વિપુલ હસ્તપ્રતો ધરાવતા જૈન ગ્રંથભંડોરોમાં રહેલા જ્ઞાનવારસાની સાચવણ માટે એમણે અપ્રતિમ પ્રયાસો કર્યા. વિશ્વપ્રસિદ્ધ જેસલમેરના જ્ઞાનભંડારને વ્યવસ્થિત કરવા માટે રાજસ્થાનના રણપ્રદેશની કારમી ગરમી અને ફૂંકાતી લૂ વચ્ચે આ ગ્રંથભંડારને એમણે વ્યવસ્થિત કર્યો અને એ રીતે ભારતના જ્ઞાનવારસાને જાળવવાનું કાર્ય કર્યું. એ જ રીતે લીમડી, ખંભાત, પાટણ, પુણે જેવાં સ્થળોએ રહીને એમણે માઇક્રો ફિલ્મિંગ કે ઝૅરૉક્ષ દ્વારા એ જ્ઞાનસમૃદ્ધિને જાળવી લીધી.

ઇન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલૉજીએ બ્રિટિશ લાઇબ્રેરીમાં રહેલી ૧૫૦૦ મૂલ્યવાન હસ્તપ્રતોનું કૅટલૉગ કર્યું ત્યારે જૈન ધર્મના તમામ સંપ્રદાયના અગ્રણીઓએ એક અવાજે કહ્યું કે આની પ્રસ્તાવના (ફોરવર્ડ) લખવા માટે સૌથી યોગ્ય અધિકારી મુનિરાજશ્રી જંબૂવિજયજી મહારાજ છે અને તેઓએ વિદેશમાં રહેલી જૈન હસ્તપ્રતના કાર્ય માટેનું સુંદર માર્ગદર્શન પૂરું પાડ્યું.

તેઓ એમના હસ્તાક્ષર કરતા ત્યારે 'જૈન મુનિ જંબૂવિજય' એમ લખતા. પદ કે પ્રસિદ્ધિ એમને સ્પર્શી શકે તેમ નહોતાં અને તેથી અનેક સંઘોએ એમને ઉપાધ્યાય કે આચાર્ય જેવી પદવી આપવા માટે આગ્રહ કર્યો, છતાં એમણે એનો સતત ઇન્કાર કર્યો હતો.

સાધુજીવનની પ્રત્યેક ક્રિયાનું ચુસ્તપણે પાલન કરીને એમણે કરેલાં શ્રુતોપાસનાનાં મહાભારત કાર્યો આજે અનેકને માટે પ્રેરણારૂપ છે. આવા દર્શનપ્રભાવક અને શ્રુતસ્થવિર, જીવદયા અને કરુણાના જીવંત પ્રતીક અને આ યુગમાં અનેક શ્રુતસુકૃતો કરનાર મુનિરાજશ્રી જંબૂવિજયજી મહારાજ એમના જ્ઞાન અને ધર્મના સાધનામય જીવનથી એક એવું ઊર્ધ્વ શિખર રચી ગયા છે કે જે ભવિષ્યના વિદ્વાનો અને સંશોધકો માટે આદર્શરૂપ બની રહ્યું છે.

**– કુમારપાળ દેસાઈ**

---

## ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ

## પ્રૂફવાચનનો સર્ટિફિકેટ (પ્રમાણપત્ર) અભ્યાસક્રમ

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા ગુજરાતી ભાષા, સાહિત્ય અને સંસ્કૃતિનું સંવર્ધન કરવા માટે અનેકવિધ દિશામાં પ્રયત્નો થઈ રહ્યા છે. એના ભાગ રૂપે ગુજરાતી પુસ્તક, અખબાર, સામયિક અને અન્ય માધ્યમોમાં થતા મુદ્રણદોષોના નિવારણ માટે નિષ્ણાત પ્રૂફવાચકોની આવશ્યકતાને ધ્યાનમાં રાખીને સર્ટિફિકેટ કોર્સનું આયોજન કરવામાં આવ્યું છે.

આ અભ્યાસક્રમમાં પ્રૂફવાચનનું મહત્ત્વ, પ્રૂફવાચકની યોગ્યતા, પ્રૂફવાચનનાં ચિહ્નો ઉપરાંત પાયાનું વ્યાકરણ, વિરામચિહ્નો, માન્ય જોડણીના નિયમો, જોડણીકોશ વિશેની જાણકારી વગેરે જેવા વિષયો આવરી લેવામાં આવ્યા છે. જાણીતા ભાષાવિદ્ તથા તજ્જ્ઞો દ્વારા આ વિષયોના વર્ગો લેવાશે.

આ અભ્યાસક્રમમાં જોડાનાર વિદ્યાર્થીની નિયમિત હાજરી આવશ્યક ગણાશે. તેમણે સૈદ્ધાંતિક વર્ગો ઉપરાંત આવશ્યક પ્રાયોગિક કાર્ય પણ કરવાનું રહેશે. અભ્યાસક્રમને અંતે લેવાયેલ કસોટીમાં ઉત્તીર્ણ થનારને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે.

◈ ૨ સપ્ટેમ્બરથી ૧૫ ઑક્ટોબર, ૨૦૨૨ના પ્રત્યેક શુક્રવાર અને શનિવારે ૫-૦૦થી ૭-૩૦

◈ આ અભ્યાસક્રમની ફી ૧૫૦૦/- રૂ. છે. 'ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ'ના નામે ચેક / રોકડાથી આપવાના રહેશે.

◈ ફોર્મ ૧૨-૦૦ થી ૫-૦૦ દરમિયાન સ્થળ પરથી મળશે.

◈ સંપર્ક : કૃપા દેથોલિયા (૯૮૯૮૦૪૨૬૯૯), ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, રમેશ પાર્કની બાજુમાં, વિશ્વકોશ માર્ગ, ઉસ્માનપુરા, અમદાવાદ - ૩૮૦૦૧૩.

# ક્યાં છે ઊડતી કાર ?

'અમદાવાદમાં બાર કલાકમાં અઢાર ઈંચ વરસાદ પડ્યો.' આ પ્રકારના અતિભારે વરસાદના સમાચાર દેશભરમાંથી મળતા હતા. ઠેર ઠેર પાણી ભરાવાને કારણે પરિવહન ગતિહીન બની ગયો. આમ પણ મોટાં શહેરોમાં અવારનવાર ભારે ટ્રાફિકની સમસ્યા તો હોય છે ત્યારે ઝડપથી પહોંચવા માટે, રસ્તા પર વાહનોની ભીડમાંથી પોતાનો રસ્તો કરી આગળ વધે તેવા વાહનની ઇચ્છા તો દરેક સવારીને થાય જ. આ સમયે ૧૯૬૧ની હોલિવુડની ફિલ્મ 'The Absent Minded Professor' કે પછી ૧૯૬૪ની બોલિવુડની ફિલ્મ 'મિ. એક્સ ઇન બૉમ્બે' યાદ આવી જાય. આ ફિલ્મોમાં 'ઊડતી કાર'ની કલ્પના કરવામાં આવી છે. આ સિવાય પણ વિવિધ માધ્યમો દ્વારા ઊડતી કારની કલ્પના કરવામાં આવે છે. ઊડતી કારને મૂર્તિમંત કરવાનું વિજ્ઞાનીઓનું સપનું સોએક વર્ષ જૂનું છે. ૧૯૦૩માં રાઈટ બ્રધર્સે તેમનું વિમાન ઉડાડ્યું તેના દોઢ દાયકા પછી ઉડ્ડયન ક્ષેત્રના માંધાતાઓએ ઊડતી કાર અંગે વિચારવાનું શરૂ કરી દીધું હતું. સતત પ્રયત્નો છતાં આ સપનું હકીકતમાં નથી ફેરવાયું. હા, કેટલીક નમૂનારૂપ ઊડતી કાર નિર્માણ પામી છે પણ હજુ સુધી તે રોજિંદા ઉપયોગમાં આવી નથી. આ પ્રયત્નોમાં ૧૯૪૯માં અમેરિકાના ઈજનેર મોલ્ટન ટેલરે (Moulton Tayler) નિર્માણ કરેલી ઊડતી કાર - એરોકારની ખાસ નોંધ લેવી જોઈએ. 'ટેલર એરોકાર' તરીકે જાણીતી વિશ્વની સૌપ્રથમ ઊડતી કાર માનવામાં આવે છે. ખ્યાતનામ કાર-ઉત્પાદક ફોર્ડ કંપનીએ ૧૯૭૦ના દશકમાં આ ઊડતી કારના ઉત્પાદનનો નિષ્ફળ પ્રયત્ન કર્યો હતો. નિષ્ઠા, કૌશલ્ય, માંગ, જરૂરિયાત વગેરે બધું જ હોવા છતાં હજુ સુધી કાર કેમ ઊડવા નથી લાગી ? આ સવાલનો જવાબ મેળવવાનો પ્રયત્ન કરીએ તે પહેલાં ઊડતી કાર શું છે તે જાણવાનો અને સમજવાનો પ્રયત્ન કરીએ.

આમ તો જે કાર ઊડે તેને ઊડતી કાર કહી શકાય. આ સરળ લાગતી વ્યાખ્યાને ઊંડાણથી તપાસીએ તો તે ઘણી જટિલ છે. આ એક એવું સંકર (Hybrid) વાહન છે જે રસ્તા પર ચાલે છે અને તેમાં અચળ પાંખોવાળા વિમાનની અને ફરતી પાંખોવાળા હેલિકૉપ્ટરની ક્ષમતા હોય છે. બીજા શબ્દોમાં કહીએ તો માર્ગ વાહન, વિમાન અને હેલિકૉપ્ટરના સંયોજનથી બનતું વાહન તે ઊડતી કાર. આ તો થઈ તેની યાંત્રિક રચનાની વાત પરંતુ ઊડતી કારમાં આ ઉપરાંત બીજું ઘણું જરૂરી હોય છે. આ ત્રણ નોખી નોખી યાંત્રિક પદ્ધતિઓ રસ્તા પર અને રસ્તાની ઉપર આકાશમાં સુચારુ રૂપે કામ કરે તે માટે વિશિષ્ટ પ્રણાલી ગોઠવવી જરૂરી બની જાય છે. સો વર્ષ પહેલાં ઊડતી કાર બનાવવાના પ્રયત્નો શરૂ થયા ત્યારે યંત્રોની બોલબાલા હતી, પરંતુ આધુનિક યુગમાં કમ્પ્યૂટરનું સામ્રાજ્ય છે. આમ આધુનિક ઊડતી કાર પણ આર્ટિફિશિયલ



**ભારતની ઊડતી કાર**

ઇન્ટેલિજન્સ અને બીજાં સૉફ્ટવેર આધારિત છે. આજે પણ ઊડતી કાર વિકસાવવાના પ્રકલ્પો હાથ ધરવામાં આવે છે.

ઉડ્ડયનની વિવિધ ટૅક્નૉલૉજીનો અમલ કરીને અત્યાર સુધીમાં ઊડતી કારના ઘણા અજમાયશી નમૂનાઓ (prototypes) તૈયાર કરવામાં આવ્યા છે. મોટા ભાગની ઊડતી કારનું આરોહણ અને અવતરણ પારંપરિક રીતે રન-વે પર કરાય તે રીતે તેનું નિર્માણ કરવામાં આવ્યું હતું. આ અભિગમ વ્યવહારુ ન લાગતાં સીધું જ ઉપર આરોહણ અને નીચે અવરોહણ (Verical takeoff and landing - VTOL) એ સામાન્ય બાબત થઈ ગઈ છે. અફસોસ કે મોટા ભાગના અજમાયશી નમૂનાઓ, અજમાયશી નમૂનાઓ જ રહ્યા. હજી સુધી ઊડતી કારનું ધંધાકીય ઉત્પાદન શરૂ થઈ શક્યું નથી. આ મહત્ત્વાકાંક્ષી વાહન વ્યવહારુ ન બની શકવાનાં વિવિધ કારણો છે પણ લોકોને તો પ્રશ્ન થાય જ કે 'મારી ઊડતી કાર ક્યાં ?' 'આપણી પાસે હજુ સુધી ઊડતી કાર કેમ નથી ?'

ઊડતી કારની સંરચના અને તેનું નિર્માણ ખૂબ જટિલ છે. તેમાં સદંતર અલગ અલગ ઉપયોગ માટે વિકસિત તદ્દન ભિન્ન બે ટૅક્નૉલૉજીનો સંગમ થાય છે. ઊડતી કારમાં બે વિરોધાભાસી જરૂરિયાતોને સામેલ કરવાની હોય છે. ઈજનેરો માટે આ એક પડકાર બની જાય છે. ઉદાહરણ તરીકે વિમાન સરળતાથી ઊડી શકે તે માટે તેની રચના એરોડાયનામિક્સના સિદ્ધાંતના આધારે કરવામાં આવે છે. આ મુજબ તે વજનમાં હલકું અને કદમાં સાંકડું હોવું જોઈએ. જ્યારે કાર રસ્તા પર સમતોલન સાથે દોડી શકે તે માટે તે પહોળી અને વજનદાર હોવી જોઈએ. કાર માટે 'સાઇડ વ્યૂ મિરર' એક અગત્યનું ઘટક છે. જ્યારે વિમાન માટે તે અપ્રસ્તુત છે. સાઇડ વ્યૂ મિરર વિમાનની ગતિને અવરોધે છે અને ઈંધણનો વપરાશ વધારે છે. તેને લીધે ઊડતી કાર અસ્થિર પણ થાય છે. કારમાં પાંખ અને ફરતા પંખાના ઉમેરણથી તેને વધુ શક્તિશાળી એન્જિનની જરૂર પડે છે. સરવાળે તેનું વજન વધી જાય છે. સ્વાભાવિક છે કે ભારેખમ વાહન ઊડી શકે નહીં. વળી જો પાંખો ખૂબ નાની હોય તો તે જમીન પરથી ઊડી જ ન શકે. આમ

ટેક્નૉલૉજી ચક્રવ્યૂહમાં ફસાઈ ગઈ હોય તેવું લાગે છે. આ પ્રકારની ટેક્નૉલૉજિકલ સમસ્યાઓનો ઉકેલ શોધી ઊડતી કારનું નિર્માણ ખૂબ જ ખર્ચાળ અને સમય માગી લે છે.

ઊડતી કાર વિશે આપણે આપણા ખ્યાલને પણ બદલવા પડશે. જમીન પરથી સીધું જ ઉપર જતું કે નીચે આવતું વાહન કાર કરતાં હેલિકૉપ્ટર કે ડ્રૉન જેવું વધારે લાગે. તેને પૈડાં તો હોય છે પણ તે રસ્તા પણ વાહનને દોડાવી શકે તેટલાં સક્ષમ હોતાં નથી. ઉબેર, GM, હ્યુંડાઈ જેવી કંપનીઓએ આ ક્ષેત્રમાં ખેડાણ કર્યું હતું પણ તેમને એક સ્થળેથી બીજા સ્થળે લઈ જતી ઍર ટૅક્સીનું રૂપ આપીને સંતોષ માનવો પડ્યો. ગીચ વસ્તી વચ્ચે પરિવહન કરતાં વાહનથી ફેલાતાં પ્રદૂષણને નિયંત્રિત કરવા માટે તેને અશ્મીય ઈંધણને બદલે વીજશક્તિથી ચલાવવું - ઉડાડવું જોઈએ. જ્યારે ઊડતી કાર વિશે વાત કરીએ ત્યારે અકસ્માતે જો પંખો ફરતો બંધ થઈ જાય તેવી સ્થિતિમાં સલામતી માટે વધારાના રોટર-મોટરની વ્યવસ્થા રાખવી પડે છે. સલામતી ખાતર ઊડતા વાહનના એન્જિનની ક્ષમતા જરૂર કરતાં વધુ રાખવામાં આવે છે. આપણો અનુભવ છે કે વિમાન અને હેલિકૉપ્ટર ઉડ્ડયન દરમિયાન ખૂબ જ અવાજ કરે છે. જ્યારે અનેક કાર ઊડવા લાગશે ત્યારે તેનાથી થતું ધ્વનિપ્રદૂષણ માનવવસાહત માટે અસહ્ય થઈ જશે. ઈજનેરો માટે અવાજ ન કરતાં ઊડતાં વાહન વિકસાવવાનો પણ એક મોટો પડકાર છે. સામાન્ય લોકોને ઊડતી કારનું જે રૂપ અભિપ્રેત છે તે જ રૂપે ઊડતી કારનું અવતરણ થાય તો આકાશમાં પરિવહન નિયંત્રણ માટે જુદા કાયદાઓ બનાવવા પડશે અને એ મુજબની ટેક્નૉલૉજી પણ વિકસાવવી પડશે.

ઊડતી કાર લોકો પાસે રોજિંદા વપરાશ માટે ઉપલબ્ધ થાય ત્યારે તેને માર્ગ પરિવહન અને હવાઈ પરિવહનનાં સલામતી માટેનાં પરીક્ષણોમાંથી પસાર થવું પડશે. હા, ચાલક પાસે કાર ચલાવવાનું અને પાઇલટ તરીકે વિમાન ઉડાડવાનું - બંને લાઇસન્સ હોવાં જરૂરી બની જાય. આપણે જાણીએ છીએ કે પાઇલટના લાઇસન્સ માટે કડક કસોટીમાંથી પસાર થવું પડે છે. આ સંજોગોમાં કેટલા લોકો માટે ઊડતી કાર સુલભ બનશે તે એક પ્રશ્ન છે. આ ઉપરાંત રસ્તા ઉપરથી જ કાર ઉડાડવા માટે પંખાની જેમ ફરતી પાંખો આજુબાજુના લોકો માટે કેટલી સલામત છે તેનું પણ ધ્યાન રાખવું જોઈએ. આ તો આજુબાજુના લોકોને ઉડાડીને પોતે ઊડવા જેવો ઘાટ થાય. રસ્તા પરના ખાડા-ટેકરાથી લાગતો આઘાત ઉડ્ડયનયોગ્ય કારની નાજુક સંરચના સહન કરી શકે તેવી હોવી જોઈએ. આ પ્રકારની અનેક સમસ્યાઓને લીધે ઊડતી કાર હજુ ફિલ્મો અને વાર્તાઓમાં જ રહી છે. આપણા દેશમાં પણ આ અંગે પ્રયત્નો કરવામાં આવે છે. ચેન્નાઈની વિનાટા એરોમોબિલિટી નામની કંપનીએ ગયે વર્ષે બે યાત્રીઓને સમાવતી ઊડતી કારની વિભાવના રજૂ કરી. બધું સમુંસૂતરું પાર ઊતરે તો ૨૦૨૩ સુધીમાં આ ઊડતી કાર ભારતના આકાશમાં જોવા મળશે જે એશિયાની પહેલી ઊડતી કાર હશે. અરે ! બે વર્ષ પહેલાં ગુજરાતમાં પણ ઊડતી કાર બનશે તેવા સમાચાર હતા. સમયાન્તરે આ પ્રકારના સમાચાર મળતા જ રહે છે અને આપણે વર્ષોથી કલ્પનાની પાંખે ઊડતી કારની રાહ જોઈએ છીએ.

— ચિંતન ભટ્ટ

# મહેન્દ્ર મેઘાણી : શતાબ્દી પ્રવેશે

(ગતાંકથી ચાલુ)

લોકમિલાપનું એક મોટું મોજું હજારો ઘરો અને ગ્રંથાલયોમાં પહોંચ્યું તે ૨૦૦૩થી ચાર વર્ષ દરમિયાન બહાર પડતાં રહેલાં 'અરધી સદીની વાચનયાત્રા'ના ચાર ભાગ થકી. પાંચસો જેટલાં પાનાંના દરેક ભાગની કિંમત પંચોતેર રૂપિયા, જેનો બજારભાવ ચારસો રૂપિયા હોય. તેને સમાંતરે 'રોજેરોજની વાચનયાત્રા'ના પાંચ ભાગ આવ્યા.

'વાચનયાત્રા' પછીના તરતના વર્ષે મહેન્દ્રભાઈએ તેમના આજીવન આરાધ્ય મહાત્મા ગાંધી વિશેનાં લખાણોના બે સંચયો 'ગાંધી-ગંગા' (૨૦૦૭) નામે આપ્યા. અલબત્ત, આ પહેલાંનાં પચાસ વર્ષમાં લોકમિલાપે રાષ્ટ્રપિતા વિશેનાં મધ્યમ તેમ જ નાનાં અનેક પુસ્તકો કર્યાં જ હતાં. વળી, ૨૦૦૯માં 'લોકમિલાપે' 'ગાંધીજીની જીવનયાત્રા એમના જ શબ્દોમાં' નામનું પુસ્તક આપ્યું. તેમાં મહેન્દ્રભાઈએ ગાંધીજીનાં બે પુસ્તકો એટલે કે આત્મકથા અને 'દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ'માંથી સંકલન અને સંક્ષેપ કર્યાં છે. કુલ સવા બે લાખ શબ્દોનાં બંને પુસ્તકોને તેમણે ૫૮,૦૦૦ શબ્દોમાં મૂક્યાં છે. 'આંસુ લૂછવા જાઉં છું...' નામે કરેલા બેનમૂન સંપાદનમાં પ્યારેલાલ નૈયરના અંગ્રેજી પુસ્તક 'ગાંધી : ધ લાસ્ટ ફેઝ'ના મણિલાલ દેસાઈએ 'પૂર્ણાહુતિ'નામે કરેલા અનુવાદનાં ત્રીજા ભાગનાં છસો પાનાંને દોઢસો પાનાંમાં સારવીને મૂક્યો છે.

ડિજિટલ મીડિયાને કારણે વાચનમાં આવેલી ભારે ઓટની વચ્ચે પણ 'લોકમિલાપ'નાં પ્રકાશનો પ્રકટ થતાં જ રહ્યાં. મેઘાણીનાં લોકસાહિત્ય પરનાં લખાણો પરથી 'લોકસાહિત્યની વાચનયાત્રા'(૨૦૦૮)ના ચાર બહુવાચનીય સંપાદનો આવ્યાં. 'મિલાપ'નો ખજાનો 'અરધી સદી'નાં હજારો પાનાં પછી પણ ખૂટતો ન હતો. એટલે તેમાંથી 'મિલાપની વાચનયાત્રા' (૨૦૧૩) નામે સરેરાશ દોઢસો પાનાંનું એક એવાં પાંચ પુસ્તકો કર્યાં, એ જ વર્ષે બેતાળીસ પાનાંની 'સાત વિચારયાત્રા'માં ગુજરાતના સાત ચિંતકોનાં લખાણો એકઠાં કર્યાં. 'અંતિમ વાચનયાત્રા' તરીકે મહેન્દ્રભાઈએ સંપાદિત કરેલ પાંચસો પાનાંનું દોઢસોથી વધુ ચરિત્રલેખો, રેખાચિત્રો અને જીવનપ્રસંગોનું 'ચરિત્રસંકીર્તન' પુસ્તક ત્રણ વર્ષ પહેલાં પ્રસિદ્ધ થયું. લોકમિલાપે ઘણું કરીને છેલ્લા પ્રકાશન તરીકે ૨૦૧૫માં 'ઝવેરચંદ મેઘાણીની વિચાર-કણિકા અને ઝવેરચંદ મેઘાણી : સ્મરણાંજલિ' નામની ત્રીસ પાનાંની પુસ્તિકા બહાર પાડી. સંકેલો કરવાના આયોજન સાથે ૨૦૧૯થી ખીસાપોથીઓ છાપવાની પણ બંધ કરી હતી.

'લોકમિલાપ'નાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તર પરનાં કેટલાંક કામ ઓછાં જાણીતાં છે. ૧૯૬૯ના ગાંધી શતાબ્દી વર્ષ દરમિયાન 'ડિસ્કવરિન્ગ ઇન્ડિયા' નામનું, ભારતમાં પ્રગટ થયેલાં ભારત વિશેનાં ચારસો ચૂંટેલાં અંગ્રેજી પુસ્તકોનું એક પ્રદર્શન, લોકમિલાપ ટ્રસ્ટ વિશ્વના પાંચ ખંડોના દેશોમાં એક વર્ષ સુધી લઈ ગયું. પછીનાં વર્ષોમાં

મહેન્દ્રભાઈએ લોકમિલાપ ટ્રસ્ટના નેજા હેઠળ આફ્રિકા, યુરોપ અને અમેરિકાના દેશોમાં પ્રવાસ કરીને ગુજરાતી અને ભારતીય સાહિત્યનો પ્રચાર-પ્રસાર કર્યો. અનેક દેશોનાં સંગ્રહાલયો, જાહેર પુસ્તકાલયો, સંસ્થાઓમાં મહેન્દ્રભાઈ બાળસાહિત્ય અને કળાના સંપુટો ભરેલા થેલા ખભે નાખીને જતા. વળી, દેશ-



વિદેશના વાચકો ભાવનગરના પુસ્તક ભંડારમાંથી ભારતીય પ્રકાશનોની માહિતી મેળવતા અને પુસ્તકો મગાવતા. લોકમિલાપે ૧૯૭૦માં જર્મનીના વિશ્વવિખ્યાત ‘ફ્રેન્કફર્ટ બુક-ફેઅર’ અને ઈટાલીના ‘બોલ્યોના ચિલ્ડ્રન બુક ફેઅર’માં ભાગ લીધો હતો.

લોકમિલાપનો એક કિસ્સો તો બેનમૂન છે. ૧૯૭૯ના આંતરરાષ્ટ્રીય બાળક વર્ષમાં મહેન્દ્રભાઈ અને લોકમિલાપના પ્રતિનિધિઓએ બાલસાહિત્યના ભારતીય અંગ્રેજી પુસ્તકોનાં પ્રદર્શનો યુરોપ-અમેરિકાના દેશોમાં યોજ્યાં. ઍરઇન્ડિયા સામે તેમણે વિમાનની ટિકિટોના શુલ્કને બદલે તેટલી રકમનાં બાળપુસ્તકો ભેટ આપવાનો પ્રસ્તાવ મૂક્યો, જે સ્વીકારાઈ ગયો અને અગિયાર મહિના હવાઈ મુસાફરીની જોગવાઈ થઈ ગઈ !

બાળસાહિત્યનાં પ્રદર્શનો યોજવા ઉપરાંત મહેન્દ્રભાઈએ ખુદ બાળકો અને કિશોરો માટે પુસ્તકો પણ સર્જ્યાં છે. આ વયજૂથના વાચકો માટે તેમણે વિદેશી કથાઓના અનુવાદ-સંક્ષેપોની એક આખી શ્રેણી આપી છે. જેમાં ‘ભાઈબંધ’,‘કોન ટિકી’, ‘તળાવડીને આરે’ (નાનક મેઘાણીની સાથે), ‘તિબેટની ભીતરમાં’, ત્રણ ચીની ચિત્રવાર્તાઓ ‘તિરંદાજ લી’, ‘ઉગા મહેતાજી’ અને ‘ચાંગ અને ચતુરા’. ઉપરાંત બાળકોની રુચિ અને નાગરિક જીવનના ઘડતરની દૃષ્ટિએ તેમણે ‘ફિલ્મમિલાપ’ નામના ઉપક્રમ દ્વારા ફિલ્મોય બતાવી. ઍંશીના દાયકામાં દર રવિવારે એક રૂપિયાની ટિકિટમાં ભાવનગરનાં સેંકડો બાળકોને ‘ગૅલેક્સી’ છબીઘરમાં એક સુંદર ફિલ્મ જોવા મળતી. ફિલ્મમિલાપની વિગતે વાતમાં આનંદથી છલકાતા ચહેરે મહેન્દ્રભાઈ કહે છે : ‘પ્રભુએ મારા કામનો બદલો ફિલ્મમિલાપમાં બાળકોના મળેલા પ્રેમ દ્વારા જ આપ્યો છે.’

લોકમિલાપનું અમૂલ્ય પુસ્તક હાથમાં લઈને પૂરું કરો ત્યાં સુધી દરેક ક્ષણે એક ગ્રંથજ્ઞ અને પ્રકાશન-મહર્ષિનો પરિસ્પર્શ અનુભવાય. સામગ્રીના ચયન માટે મહેન્દ્રભાઈ પોતે ખૂબ વાંચતા,‘‘મિલાપ’નાં પચાસ પાનાં માટે પાંચસો પાનાં વાંચવાં પડતાં’. તેમાંથી સંપાદક તરીકે નિર્મમપણે તારવણી-સારવણી કરતા. મહત્ત્વનું એ છે કે જનસામાન્યનું જીવન, તે જીવનનું પ્રતિબિંબ ઝીલનાર સાહિત્ય અને તે સાહિત્યની જનસામાન્યના જીવનને સુંદર બનાવવાની ક્ષમતા - આ ત્રણ ઘટકો વચ્ચે સંવાદિતા મહેન્દ્રભાઈ સાધી

શકતા. પુસ્તકનાં આકાર, કદ, પાનાંની સંખ્યા, છપાઈ, બાંધણીમાં સુબદ્ધતા જોવા મળે. મહેન્દ્રભાઈના પુસ્તકમાં મુખપૃષ્ઠ પરનાં ચિત્રો કે ભાતનો સામાન્ય વાચકની ઘરઘથ્થુ કલારુચિ કે પુસ્તકના વિષય સાથે મેળ હોય. છાપભૂલ ન થાય તેની ખૂબ કાળજી રાખે. અનુવાદક, સંક્ષેપકાર કે સંપાદક તરીકેની નોંધ સચોટ અને લાઘવપૂર્ણ શૈલીમાં લખે. તેમની શૈલી સરળ અને સંઘેડાઉતાર. તેમનાં ગુજરાતી અને અંગ્રેજી બંને લખાણોમાં સાદગીનું સૌંદર્ય હતું. તેમણે ગુજરાતી લિપિ સરળ બને તે માટે એકલપંડે ખૂબ પ્રયત્નો કર્યા. તેમનું અંગત લખાણ તેઓ હંમેશાં તેમની પરિકલ્પના મુજબની સરળ લિપિમાં જ કરતા.

મહેન્દ્રભાઈની સંવેદનશીલતા પણ કેવી ! તેમનાં દીકરી મંજરીબહેનને સાંભરે છે કે ગરીબો માટે દિલ કપાતું હોવાથી મહેન્દ્રભાઈએ ઘણાં વર્ષો સુધી પગમાં ચપ્પલ પહેર્યાં ન હતાં. વળી થેલીમાં જુદી જુદી સાઇઝના ચપ્પલ ભરીને અડવાણે પગે મજૂરી કરતી બહેનોને તે પહેરાવતા. વર્ષો સુધી સાઇકલ અને સરકારની એસ.ટી. બસનો જ ઉપયોગ કરતા. અમદાવાદમાં પણ સાઇકલ ચલાવતા. સાંજે બગીચામાં ફરવા જાય ત્યારે બગીચામાં પડેલો કચરો ઉપાડાય તેટલો ઉપાડીને કચરાકુંડીમાં નાખે. જમ્યા પછી પોતાનાં વાસણ ઊટકી નાખે, ચોકડીમાં બીજાં પડ્યાં હોય તો તે પણ ઊટકી નાખે. ઘરનાં મહિલાઓ બધાં સાથે જ જમે એવો તેમનો આગ્રહ. ખુદની તંદુરસ્તી અને ઘરની સ્ત્રીઓની મદદ માટે વર્ષો લગી પડવાળી ઘંટી પર મળસકે દળણાંય દળતા !

મહેન્દ્રભાઈએ શબ્દકર્મી તરીકે વ્યાપક અર્થમાં જાહેર જીવન અને માનવઅધિકાર માટેની નિસબતથી કરેલાં કામ જાણવા જેવાં છે. તેઓ ઑલ ઇન્ડિયા રેડિયોની સામે બે વખત લડ્યા હતા. રેડિયોએ જાન્યુઆરી, ૧૯૪૬માં ઝવેરચંદ મેઘાણીને તેમના ગીતોનાં પ્રસારણ માટેની રૉયલ્ટીની જે અપમાનજનક રીતે નજીવી રકમ આપવાનો પ્રસ્તાવ મૂક્યો હતો, તેનો મહેન્દ્રભાઈએ પિતા વતી કડક શબ્દોમાં ઇન્કાર કર્યો હતો. માર્ચ, ૧૯૭૭માં દમનકારી કટોકટીના વિરોધમાં તેમણે પિતાનાં ગીતોના પ્રસારણના કરારનું નવીનીકરણ કરવાનો ઇન્કાર કર્યો હતો.'મિલાપ'માં કટોકટીનો વિરોધ કરતાં લખાણો તેમણે સમાવ્યાં એટલે માસિક પર કેટલાક મહિના માટે સરકારી બંધી પણ આવી હતી. રવીન્દ્રનાથનાં લખાણોના સ્વામિત્વહક્ક(કૉપીરાઇટ્સ) પરનો વિશ્વભારતી યુનિવર્સિટીનો ઇજારો તોડવા માટેની ઝુંબેશમાં તેમણે ગુજરાતમાંથી પહેલ કરી હતી. ગુજરાતમાં ૨૦૦૨નાં કોમી રમખાણોના મુદ્દે એ વખતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની રીતિનીતિઓનો વિરોધ કરવા માટે તેમણે એક અંગ્રેજી લેખનો 'જનરલ ડાયરની ગૌરવ યાત્રા' નામે અનુવાદ કરીને તેને પત્રિકા તરીકે ટપાલ દ્વારા સેંકડો લોકોને પહોંચાડ્યો અને 'અરધી સદી'ના પહેલા જ ભાગમાં છાપ્યો. ગૌરવયાત્રાની પત્રિકામાં કર્તવ્યકઠોર નાગરિકતા બતાવતાં પહેલાં, આગળ ઉપર ઉલ્લેખિત 'આંસુ લૂછવા જાઉં છું...' પુસ્તક દ્વારા શૌર્ય વચ્ચે કરુણાનાં દર્શન કરાવ્યાં હતાં. મહેન્દ્રભાઈએ ગુજરાત વિધાનસભાની ૨૦૧૨ની ચૂંટણી વખતે 'સૌને માટે રાજકારણનું સામાન્ય જ્ઞાન' એવી સોળ પાનાંની ખિસ્સાપોથી બહાર પાડી હતી. ૨૦૧૪ની લોકસભાની ચૂંટણી વખતે તેમણે ભાવિ

ધારાસભ્યો સંસદમાં ગેરવર્તણૂક ન કરે તેવું લેખિત પ્રતિજ્ઞાપત્ર મતદારોએ ઉમેદવારો પાસેથી લેવું જોઈએ તે માટે 'મતદારોનું જાહેરનામું' નામની પત્રિકા થકી ઝુંબેશ ચલાવી હતી.

ત્રાણું વર્ષની ઉંમરે (એપ્રિલ-જૂન ૨૦૧૫) મહેન્દ્રભાઈ અમેરિકાના ન્યૂજર્સીના મન્રોમાં તેમનાં દીકરી અંજુબહેનને ઘરેથી અમેરિકાની અટારીએ 'મન્રો ડાયરી' લખતા. તેમાં મોટે ભાગે 'ન્યૂયૉર્ક ટાઇમ્સ'ના લેખોના સંક્ષેપો અને ત્યાંનાં ગ્રંથાલય કે પુસ્તક ભંડારની મુલાકાતો દરમિયાન ગમી ગયેલાં પુસ્તકોમાંથી સારવેલા અંશો મૂકતા. તેમણે ૯૬મા વર્ષે (૨૦૧૯) મેઘાણી સાહિત્યના એક ચયનગ્રંથ 'ઘોળી ઘોળી પ્યાલા ભરિયા'ની સંવર્ધિત આવૃત્તિ પ્રકટ કરી. તે પછી, ૯૭મા વર્ષે મેઘાણીની ચાર નવલકથાઓના સંક્ષેપ મહેન્દ્રભાઈએ તૈયાર કર્યા : 'અપરાધી', 'તુલસી-ક્યારો', 'વેવિશાળ' અને 'સોરઠ, તારાં વહેતાં પાણી'. આ બધી કૃતિઓનાં કુલ ૧૦૩૦ પાનાંને તેમણે ૫૪૦ પાનાંમાં ટૂંકાવ્યાં છે!

ઈશાવાસ્ય ઉપનિષદના બીજા જ શ્લોકમાં કહ્યું છે कुर्वन्नेवेहकर्माणिजिजीविषेच्छतंसमा : -કામ કરતાં કરતાં સો વરસ જીવજે. આ સૂક્તિ મહેન્દ્રભાઈના જીવનકાર્યમાં ચરિતાર્થ થઈ છે.

**– સંજય ભાવે**

## વાચકમિત્રોને ખાસ વિનંતી

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના સામયિક 'વિશ્વવિહાર'માં આવતી પ્રમાણભૂત અને વૈવિધ્યસભર લેખસામગ્રીથી આપ પરિચિત છો. આપને ઘણા લાંબા સમયથી 'વિશ્વવિહાર' મોકલવામાં આવે છે. આપનું લવાજમ પૂરું થઈ ગયું હોય તોપણ કદાચ આપને 'વિશ્વવિહાર' મળતું હશે. સાહિત્ય, કલા, સંસ્કૃતિ, રાજકારણ, પ્રવાસ, રમત-ગમત, શિક્ષણ, ટૅક્નૉલૉજી, હાસ્યલેખ અને પ્રેરક ચરિત્રો જેવા વિષયોની કેટલીય સામગ્રી અમે 'વિશ્વવિહાર'માં આપીએ છીએ. વળી ગુજરાતના આ સાંસ્કૃતિક કેન્દ્રમાં ચાલતી અને હવે પછી થનારી પ્રવૃત્તિઓની વિગતો પણ આ સામયિકમાંથી મળી રહે છે. આથી કદાચ તમારું લવાજમ પૂરું થઈ ગયું હોય તો વહેલી તકે લવાજમ મોકલી આપશો.

'વિશ્વવિહાર'નું **વાર્ષિક લવાજમ ૧૫૦ રૂ.** અને **ત્રણ વર્ષનું લવાજમ ૪૦૦ રૂ.** છે. આપ મનીઑર્ડરથી અથવા **ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ**ના નામે ડ્રાફ્ટ કે ચેકથી મોકલી શકશો. આપના ઉમદા સહયોગની અમે આશા સેવીએ છીએ.

### બૅંકની વિગત

A/c. Name : Gujarat Vishvakosh Trust, A/c. No. : 09330100008481

Bank Name : Bank Of Baroda, Usmanpura Branch

IFS Code : BARB0USMANP (5th Character is Zero)

લવાજમ ભર્યા પછી સંસ્થાને ઈ-મેઇલ (vishvakoshad1@gmail.com), વૉટ્સએપ (9898042699) તથા પત્ર દ્વારા અચૂક જાણ કરવી.

# સાડા આઠ વર્ષની સફર

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ શ્રી કુમુદિનીબહેન લાખિયાને સવ્યસાચી સારસ્વત ઍવૉર્ડ આપીને ખૂબ ધન્યતા અનુભવી રહ્યું છે. ભારતીય સંસ્કૃતિ અને કલાની આઝાદીના સંદર્ભમાં રવીન્દ્રનાથ ટાગોરથી અત્યાર સુધીના અનેક કલાકારોએ નોંધપાત્ર પ્રદાન કર્યું, તેમાં કુમુદિનીબહેન લાખિયાનું નામ આપણે મોખરે મૂકી શકીએ. એમણે ભારતીય નૃત્ય કલાને ઊંચો દરજ્જો આપ્યો છે અને તમામ રીતે એનાં ઉત્તમ પાસાંઓ નિખાર્યાં છે વળી એની સાથોસાથ એમાં અનેક નવા પ્રયોગો પણ કર્યા છે. આજે આપણે પદ્મભૂષણ ધીરુભાઈ ઠાકર સવ્યસાચી સારસ્વત ઍવૉર્ડ આપીએ છીએ, ત્યારે શ્રી ધીરુભાઈ ઠાકરે પાકટ વયે ખૂબ પરિશ્રમ કરીને વિશ્વકોશનો પ્રારંભ કર્યો અને પોતાના છેલ્લા શ્વાસ સુધી આ વિશ્વકોશની કામગીરી કરીને સૌને પ્રેરણારૂપ બન્યા છે. ધીરુભાઈનું અવસાન ૨૪ જાન્યુઆરી ૨૦૧૪ના રોજ થયું.

આજે એ ઘટનાને  લગભગ સાડા આઠ વર્ષ વીતી ગયાં છે. આપણે ધીરુભાઈ ઠાકરને યાદ કરીએ ત્યારે સહુથી પ્રથમ એમની મોડાસાની કૉલેજની કામગીરી હોય કે વિશ્વકોશ હોય, સંસ્થાને સ્થાપવી અને પોતાના દ્વારા તેનું સંચાલન કરવું એ એક વાત છે, પણ સંસ્થા વ્યક્તિ કરતાં વધુ લાંબા વર્ષો સુધી ચાલતી હોય ત્યારે એ સંસ્થાના પાયામાં મૂલ્યોએ સંસ્થાની કાર્યપદ્ધતિ ગોઠવવામાં જે પ્રદાન કર્યું હતું અને એમણે આનું સુકાન જ્યારે કુમારપાળભાઈને આપ્યું ત્યારે આપણે જે છેલ્લા સાડા આઠ વર્ષમાં જે કામગીરી કરી છે તેને નીતિનભાઈએ કહ્યું તેમ ધીરુભાઈના આત્માને પ્રસન્નતા થાય તે રીતની કામગીરી થઈ છે. એનું થોડું વિહંગાવલોકન કરીને તેની કેટલીક માહિતી આપની સમક્ષ મૂકું છું.

છેલ્લાં સાડા આઠ વર્ષમાં વિશ્વકોશે પિસ્તાળીસ જેટલાં મૂલ્યવાન કહી શકાય તેવાં પ્રકાશનો કર્યાં છે. સાહિત્ય, વિજ્ઞાન, રંગભૂમિ, વિવેચન તથા બાળવિશ્વકોશ જેવાં કેટલાય પ્રકાશનો દ્વારા આજે ગુજરાતને એક ખૂબ સુંદર અને પ્રમાણભૂત સાહિત્ય ઉપલબ્ધ કરાવ્યું છે. વિશ્વકોશના કેટલાય ખંડોનું ડિજિટલાઇઝેશન કરીને એને ઑનલાઇન મૂક્યા, જેથી કશા ખર્ચ વિના લોકો જોઈ શકે. જેમાં ચોવીસ હજાર જેટલાં અધિકરણ મળશે અને હવે તો એમાં સતત ઉમેરો થતો રહે છે. હવે તો ગૂગલમાં ગુજરાતી સાઇટ બહુ મોટી છે અને કોઈ પણ શબ્દ ઉપર આપણે જોઈએ તો વિશ્વકોશનો રેફરન્સ આપણને જોવા મળે છે. વળી વિશ્વકોશમાં  મૂકેલી પરિભાષાઓ સારી રીતે સમજી શકાય એને માટે પ્રો. રમેશભાઈ શાહે ખૂબ જહેમત કરીને 'પરિભાષાકોશ' આપ્યો છે, એવી જ રીતે રંગભૂમિના દિગ્દર્શક અને ઊંડા અભ્યાસી શ્રી ભરત દવેએ બૃહદ નાટ્યકોશની રચના કરી જેના બે ભાગ પ્રસિદ્ધ થઈ ચૂક્યા છે અને એમાં સમગ્ર ભારતની લોકનાટ્ય અને લોકકલાની પરંપરાનો પ્રમાણભૂત પરિચય મળે છે ! આપણે એમને સવ્યસાચી સારસ્વત ઍવૉર્ડથી સન્માન આપ્યું હતું, પરંતુ ભરતભાઈનું કામ વિશ્વકોશ ન હોત, તો આટલે સુધી ન પહોંચ્યું હોત. લોકોના ધ્યાનમાં ન આવ્યું હોત. આ એક સીમાચિહ્નરૂપ કાર્ય થયું.

શ્રી મનસુખભાઈ મેદાણી દ્વારા સમાજઉત્કર્ષનો ઍવૉર્ડ આપવામાં આવે છે. વિશ્વગ્રામના શ્રી સંજય-તુલા, વિચરતા સમુદાય માટે કામ કરતાં શ્રી મિત્તલ પટેલ અને હસમુખ પટેલને સમાજ ઉત્કર્ષ ઍવૉર્ડ એનાયત કરવામાં આવ્યો છે. એવી જ રીતે શ્રી ચીનુભાઈ આર. શાહ જીવનશિલ્પી ઍવૉર્ડ એનાયત કરવામાં આવે છે, તે પૂંસરી ગામના શ્રી હિમાંશુ પટેલ અને સજીવ ખેતી માટે સતત કાર્યરત શ્રી કપિલ શાહને આપવામાં આવ્યો. સંશોધનક્ષેત્રે અપાતો આગમ પ્રભાકર મુનિશ્રી પુણ્યવિજયજી ઍવૉર્ડ તેમજ ખાંડવાળા ક્રિયેટિવિટિ ફાઉન્ડેશન દ્વારા ગુજરાતી સાહિત્યમાં ટૂંકી વાર્તાક્ષેત્રે ઉત્તમ નવોદિત વાર્તાકારોને અંજલિ ખાંડવાળા શ્રેષ્ઠ પ્રથમ મૌલિક વાર્તાસંગ્રહ પારિતોષિક આપવામાં આવે છે. આમ ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા આજે પાંચ ઍવૉર્ડનું સંચાલન થઈ રહ્યું છે અને તેના દ્વારા ગુજરાતના જીવનમાં જેમણે અમૂલ્ય પ્રદાન કર્યું છે એવા વ્યક્તિવિશેષોને પોંખે છે.

ગુજરાત વિશ્વકોશમાં અત્યારે શિક્ષણ, ધર્મ, પત્રકારત્વ, સ્વાસ્થ્ય વગેરે વિષયોને આવરી લેતી કુલ દસ વ્યાખ્યાનશ્રેણીઓ ચાલે છે. કોરોનાને કારણે આ વ્યાખ્યાનશ્રેણીઓનું હૉલમાં આયોજન કરવાનું શક્ય નહોતું, પરંતુ એ જ સમયે આપણા ખૂબ જ સારા શુભેચ્છક શ્રી સી. કે. મહેતા અને શ્રીમતી કાંતાબહેન મહેતાપ્રેરિત 'અનાહત નાદખંડ' નામે સ્ટુડિયો કાર્યરત થઈ ગયો હતો. અદ્યતન ઉપકરણો ધરાવતા આ સ્ટુડિયોમાં વ્યાખ્યાનોનું રેકૉર્ડિંગ કરીને તેને ઑનલાઇન મૂકવામાં આવતાં હતાં. આજે યૂટ્યૂબ અને ફેસબુક પર ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના અનેક કાર્યક્રમો જોવા મળે છે.

વિશ્વકોશ ટ્રસ્ટે છેલ્લાં વર્ષોમાં ચિત્રસ્પર્ધા અને નિબંધસ્પર્ધાનું આયોજન કર્યું છે. છેલ્લાં છ વર્ષથી ચાલતી હરિકેત પાઠક ચિત્રસ્પર્ધામાં સ્કૂલનાં બાળકો ઉત્સાહભેર ભાગ લે છે. ગાંધીજીના જીવન અને કાર્યના ઊંડા અભ્યાસી દક્ષાબહેન પટ્ટણીના નામાભિધાન સાથે નિબંધસ્પર્ધાનું આયોજન થાય છે. શ્રી ધીરુબહેન પટેલ બાળ-કિશોર સાહિત્યકેન્દ્ર અંતર્ગત માતૃભાષાને કેન્દ્રમાં રાખીને અનેક કાર્યક્રમો યોજાય છે. અનેક પ્રકારનાં પુસ્તકો વાચકોને પડતર કિંમતે મળે તે માટે ગૂર્જર ગ્રંથભંડાર શરૂ કરવામાં આવ્યો છે અને તે અંતર્ગત કાર્યક્રમો યોજાય છે. ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટમાં શ્રી હીરાલાલ ભગવતી સભાગૃહ ઉપરાંત બેઝમેન્ટમાં શ્રી હઠીસિંહ કેસરીસિંહ સભાગૃહનું નિર્માણ થયું છે.

આપણે વિશ્વકોશભવનની નજીકમાં 'વિશ્વકોશ રિસર્ચ સેન્ટર' માટે એક નવું ભવન પણ ખરીદ્યું છે. ખાસ કરીને યુવાનોનો વ્યક્તિવિકાસ કેમ થાય, એમને રોજગારી મેળવવામાં કેમ સરળતા રહે, એમનામાં જે કોઈ શક્તિ હોય તે કેમ ખીલે અને તેના દ્વારા પોતાનો વિકાસ થાય અને સમાજને પ્રદાન કરે તે માટે પણ વિચારણા થઈ રહી છે. રતિલાલ ચંદરયા ફાઉન્ડેશન દ્વારા જે શબ્દકોશ જેમાં ભગવદ્ગોમંડલ, સાર્થ જોડણીકોશ અને અન્ય તમામ કોશો સમાવીને ઑનલાઇન જે ગુજરાતી લૅક્સિકન તરીકે હતું તે આખી કામગીરી એમણે ગુજરાતી વિશ્વકોશને સોંપી છે. અત્યારે એ કામગીરી અહીં હવે પૂરબહારમાં ચાલે છે. આપણા માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અહીં પધારીને એ કામના સાક્ષી તરીકે કામ કર્યું છે. એમણે બહુ મહત્ત્વની વાત કરી કે માતૃભાષા બાબત આપણે ઘણા સજાગ થવાની જરૂર છે. જ્યાં 'માતૃ' શબ્દ લાગતો હોય એ હંમેશાં પ્રથમ મૂકવું જોઈએ એવી એમની વાત આપણા માટે ખૂબ ઉપયોગી

નીવડવાની છે. આજે જે શબ્દકોશ અને જ્ઞાનકોશનો અહીં સંગમ થયો છે એ ખરેખર વિશિષ્ટ છે. અમારા ટ્રસ્ટીશ્રી નીતિનભાઈના સૂચનથી આપણા જાણીતા શિક્ષણકાર અને હમણાં જ લોકભારતીના કુલપતિ નિમાયેલા ભદ્રાયુભાઈ વછરાજાનીએ અસ્મિતા વિશેષ સંવાદ અંતર્ગત ૩૦ વ્યક્તિઓના લાંબા ઇન્ટરવ્યૂ લઈને એમના જીવનમાં એમણે શું સંઘર્ષ કર્યા, એમના જીવનમાં કેવી સફળતા મળી. એમના દ્વારા અનેક પ્રકારની કામગીરી થઈ હોય એને ઉજાગર કરવાનો પ્રકલ્પ કર્યો છે. તેના વીસ જેટલા એપિસોડ તો રજૂ થયા છે. બાકીના દર મહિનાના હિસાબે બે વ્યાખ્યાન ચાલે છે.

બાળવિશ્વકોશના દસ ભાગ આપણે તૈયાર કર્યા અને સરકારે તમામ સ્કૂલોમાં પહોંચાડવા માટે અનુદાન આપ્યું એ પણ આપણા માટે ખાસ વિશિષ્ટ બાબત છે. 'વિશ્વવિહાર'ના લેખો ઓડિયો સ્વરૂપે સાંભળવા હોય તો તે દરેક લેખ ઓડિયો સ્વરૂપે સાંભળી શકે તેની વ્યવસ્થા કરી છે. થોડા સમયમાં ક્યૂઆર કોડની વ્યવસ્થા કરીશું. માતૃભાષાને બચાવવા માટે અહીંથી સાબરમતી આશ્રમ સુધી આપણે ગૌરવયાત્રા તો કાઢી, પરંતુ ટૅક્નૉલૉજી દ્વારા આપણે યુવાપેઢીને આપણી માતૃભાષાથી પરિચિત નહીં રાખીએ તો માતૃભાષાને આપણે અન્યાય કર્યો કહેવાય અને આપણી ફરજ ચૂક્યા એમ કહેવાય.

વર્તમાન યુગને અનુસરીને ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટે એની ઑનલાઇન પ્રસ્તુતિનો ઘણો વિસ્તાર કર્યો છે. ગુજરાતી વિશ્વકોશ અને ગુજરાતી લૅક્સિકન એ તો ઑનલાઇન મૂકવામાં આવ્યા છે, પરંતુ હવે એક નવું આયોજન એ કરવામાં આવ્યું છે કે દર રવિવારે સવારે બાળવાર્તા અને બાળગીતોની પ્રસ્તુતિ થાય. એવી જ રીતે 'વિશ્વકોશ, તમારે આંગણે' એ દ્વારા દર બુધવારે અને શનિવારે ગુજરાતી વિશ્વકોશ અને બાળવિશ્વકોશમાંથી સમય સંદર્ભને ઓળખીને માહિતી મૂકવામાં આવે છે, તો વળી 'આજનો વિચાર' અને 'પ્રસંગમાધુરી' જેવી ચિંતનપ્રેરક સામગ્રી આપવામાં આવે છે. તો ગુજરાતી લૅક્સિકનમાં પ્રતિદિન એક શબ્દ અને તેના વિવિધ અર્થો અને તેના ઉપયોગ આપવામાં આવે છે અને સાથોસાથ જાણીતી વ્યક્તિની જન્મતારીખે એમને વિશેની માહિતી આપવામાં આવે છે.

આ ઉપરાંત વિશ્વકોશે રોબૉટિક્સનો કોર્સ પૂરો કર્યો છે અને હવે કવિતા-શિક્ષણ અને પ્રૂફરીડિંગના અભ્યાસક્રમો ચલાવશે. એણે એવો આશય રાખ્યો છે કે જુદાં જુદાં વિષય અને ક્ષેત્રનાં કાર્યશિબિર યોજીને સમાજને વિશેષ લાભદાયી બને.

કુમારપાળ દેસાઈની રાહબરી હેઠળ ટ્રસ્ટીઓના સાથથી ચાલેલી સાડા આઠ વર્ષની આ યાત્રા ખૂબ આનંદદાયક, ગૌરવપ્રદ અને આપણા સહુ માટે લાભદાયી નીવડી છે. ધીરુભાઈ ઠાકરે જે દૃષ્ટિ આપી હતી એ દૃષ્ટિ પ્રમાણે આપણે હજુ ઘણું કામ કરવાનું બાકી છે. આપણે ઈશ્વરને પ્રાર્થના કરીએ કે આપણા સહુના સહિયારા પ્રયાસથી આપણી માતૃભાષા દ્વારા ગુજરાતની અસ્મિતા, ગુજરાતનું જ્ઞાન અને ગુજરાતના જે વ્યક્તિવિશેષો છે એના દ્વારા યુવાપેઢીના ઘડતરમાં વિશ્વકોશ વધારે ને વધારે સારું પ્રદાન કરી શકે.

**– પ્રવીણ ક. લહેરી**

*[પદ્મભૂષણ ડૉ. ધીરુભાઈ ઠાકર સવ્યસાચી સારસ્વત ઍવૉર્ડ પ્રસંગે ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી પ્રવીણભાઈ લહેરીનું સંબોધન]*

હાસ્ય

# ગુલાબી ! કેમ કરી જાશો ચાકરી રે !

'વરસાદ આજકાલ પૉલિટિકલ થઈ ગયો છે' એવો એક લેખ મેં એક વાર વર્ષા ઋતુમાં લખ્યો હતો. એ લેખના અંતે મેં લખ્યું હતું : 'આ લખાય છે ત્યારે વરસાદનું પૉલિટિક્સ બરાબર ચાલી રહ્યું છે. આ લેખ લખું છું ત્યારે આકાશ સાવ કોરુંધાકોર છે. પણ તમે આ લેખ વાંચતા હશો ત્યારે ધોધમાર વરસાદ પડતો હોય એમ પણ બને.' અને એવું બન્યું. લેખ પ્રગટ થયો એ દિવસે સવારથી જ ધોધમાર વરસાદ ચાલુ થયો. લેખ પ્રગટ થયાના થોડા કલાક પછી મારા પર ફોન આવ્યો. ફોન કરનારે પૂછ્યું, 'તમો જ્યોતિષી છો કે હવામાન ખાતામાં છો ?' મારા વિશે આવી ગેરસમજ કેમ થઈ એ મને સમજાયું નહિ. એટલે મેં પૂછ્યું, 'કેમ ?' તો કહે, 'મારા એક મિત્ર સાથે શરત લાગી છે. હું કહું છું કે વરસાદનું નામનિશાન નહોતું ત્યારે ધોધમાર વરસાદ પડવાની આગાહી તમે કરી, એ બતાવે છે કે તમે પ્રખર જ્યોતિષી છો. જ્યારે મારો મિત્ર કહે છે કે 'રતિલાલ' નામનો માણસ જ્યોતિષી હોઈ શકે જ નહિ.'

ર. વ. દેસાઈની 'ખૂન' નામની વાર્તામાં જે માણસ ખૂન કરશે એવો શક પડે છે એ માણસનું નામ 'રતિલાલ' છે એવી પોલીસ ઈન્સ્પેક્ટરને ખબર પડે છે ત્યારે પોલીસ ઈન્સ્પેક્ટર મૂંઝવણમાં પડી જાય છે. ખૂન કરવા માટે 'રતિલાલ' નામ ઘણું મોળું ગણાય એવું એમને લાગે છે. આજે એક માણસને 'રતિલાલ' નામ જ્યોતિષી તરીકે ઘણું મોળું લાગતું હતું. 'તમારી શરત ડ્રૉમાં જશે. હું બેમાંથી એકેય નથી.' ફોન કરનારને મેં કહ્યું. એ જ દિવસે બપોરે ત્રણ-ચાર ફોન એવા આવ્યા કે 'તમે આગાહી કરી એ પ્રમાણે વરસાદ આવ્યો. હવે વરસાદ બંધ ક્યારે રહેશે તે કહો ને !'

વીસમી સદીના છેલ્લા વર્ષમાં – એટલે કે ઈ. સ. ૨૦૦૦માં છેલ્લાં પચાસ વર્ષમાં ન વરસ્યો હોય એવો વરસાદ અમદાવાદમાં વરસ્યો. આવા જ વરસાદમાં નોકરી કરવા જઈ રહેલા પતિને નોકરીએ ન જવા વીનવતી પત્નીના હૃદયના ભાવોને વ્યક્ત કરતું એક લોકગીત છે. પતિ રાજાની નોકરીમાં છે. સામાન્ય નોકરી છે. કદાચ વરસતા વરસાદમાં પલળતાં પલળતાં ડ્યૂટી કરવી પડતી હોય એમ પણ બને. એ વખતે લોકશાહી નહોતી, યુનિયનો નહોતાં. મજબૂત રેઈનકોટ કે મોટી છત્રી આપવાની માગણી થઈ શકે તેમ નહોતી. વર્ક ટુ રૂલની ધમકી આપી શકાય એમ નહોતી. એટલે બિચારો પતિ નોકરીએ જવા તૈયાર થાય છે. પતિ આવા વરસાદમાં કેમ કરીને નોકરી કરવા જશે એની પ્રેમાળ પત્નીને ચિંતા થાય છે. એટલે એ પતિને નોકરીએ જતો રોકે છે ! 'ગુલાબી ! કેમ કરી જાશો ચાકરી રે !' કવિતા છે, પ્રેમાળ પત્નીના હૃદયના કોમળ ભાવોની કવિતા છે. એટલે વીજળી 'ઝીણી' છે ને વરસાદ 'ઝીણો ઝરમર' વરસે છે એમ કહ્યું છે, લોકગીતમાં વરસાદનું જે વર્ણન છે એ બતાવે છે કે આ વખતના અમદાવાદના વરસાદ જેવો જ વરસાદ વરસી રહ્યો હશે. આ વખતે અમદાવાદમાં વરસાદ સમાજવાદી ધોરણે વરસ્યો – ગરીબો ને શ્રીમંતો બંને વર્ગ એકસરખા મુશ્કેલીમાં મુકાયા. આ ગીતમાં પણ રાજા-રાણી, હાથી-ઘોડા બધાં વરસાદની અસરમાં આવી

ગયાં છે. પત્નીને પતિના જીવની ચિંતા થાય છે. એ કહે છે તમને વહાલી દરબારી ચાકરી રે, કે અમને વહાલો તમારો જીવ’ અને પછી પોતાનો નિર્ણય જાહેર કરી દે છે કે ‘ગુલાબી ! નૈ જાવા દઉં ચાકરી રે.’ પતિએ પછી ‘જો તુમ કો હો પસંદ વહી બાત કરેંગે’ કહી નોકરીએ જવાનું માંડી વાળ્યું હશે કે એ તો રાજાની નોકરી હતી એમાં સી.એલ. કે ઈ.એલ.ની જોગવાઈ નહિ હોય એટલે એને નોકરી કરવા જવું પડ્યું હશે ? લોકગીતના કવિએ કશી સ્પષ્ટતા કરી નથી. પણ અમદાવાદમાં ધોધમાર વરસાદ પડ્યો એ દિવસે અમદાવાદના ગુલાબીઓએ પથારીમાં પડ્યાં પડ્યાં જ કહી દીધું. ‘આજે ઑફિસે નથી જવું (કે દુકાને નથી જવું). આખો દિવસ મસાલાવાળી ચા પીશું. સાંજે ભજિયાં-બટાકાવડાં ખાઈશું.’ પણ અમદાવાદી ગુલાબીઓનાં ગુલાબી સપનાં તુરતમાં રોળાઈ ગયાં. ગુલાબણોએ ગુલાબીઓને ઊભા કર્યા. દરેક ગુલાબણે એના ગુલાબીને કહ્યું, ‘સાંભળો ! હું તમને કહેવાની જ હતી કે આજે નોકરીએ નથી જવાનું. આ લાઈટ ગઈ છે. મોટર બંધ છે. પાણી નીચેથી લાવવાનું છે. તમે જલદી ઊઠો. નીચે નળ પર લાઈન મોટી થવા માંડી છે. પાણી જતું રહેશે ને આપણે રખડી પડીશું.’ બિચારા ગુલાબીઓ આ સાંભળીને પીળા પડી ગયા ! અમારા બ્લૉકના એક ઉત્સાહી ગુલાબી પાણી ભરવા સૌથી પહેલાં પહોંચી ગયા. એમને બીજા પડોશીઓની ઈર્ષા આવી. ‘મારું સુખ મારા પડોશીને પણ હોજો’ એવી ભાવના સેવવાનું અઘરું છે, પણ ‘મારું દુઃખ મારા પડોશીઓને પણ હજો.’ એવી ઈચ્છાનો હૃદયમાં ઉદ્‌ભવ થવો એ તદ્દન માનવીય બાબત છે. આ ઉત્સાહી ગુલાબીના હૃદયમાં આ ભાવનાનો ઉદ્‌ભવ થયો. એમણે નીચેથી છેક ત્રીજે માળે સંભળાય એવી બૂમો પાડીને બીજા ગુલાબીઓને નીચે આવવા આહ્‌વાન કર્યું. ગુલાબણોએ શામ-દામ-દંડ-ભેદની નીતિ અપનાવી, ગુલાબીઓને નીચે ધકેલ્યા. ભગવાનની દયાથી હું બચી ગયો. હાર્ટની તકલીફને કારણે વજન ઊંચકવાની મનાઈ છે ને કમરના દુખાવાને કારણે કમર વાળવાની મનાઈ છે. કમર વાળવાની મારી ભાવના તો નાની ઉંમરથી જ હતી નહિ, પરંતુ, પહેલાં એ કારણે અણછાજતાં વિશેષણો સાંભળવાં પડતાં. હવે કમર ન વાળવાનો વિશેષાધિકાર મેડિકલ ગ્રાઉન્ડ પર મળ્યો છે. પાણી ભરી લીધા પછી બે ગુલાબીઓ હાંફતાં હાંફતાં મારી પાસે આવ્યા અને પૂછવા લાગ્યા. ‘તમારા જેવો કમરનો દુખાવો અમનેય થાય એવો કોઈ ઉપાય ખરો ?’

જોકે ધોધમાર વરસાદને કારણે વીજળી વેરણ થઈ એ કારણે મારા પર પણ ઘણું વીત્યું. કોઈનો લેખ મેં વાંચેલો. એમાં લેખકે ‘અંધકારને માણતાં શીખો’ એવી શિખામણ આપેલી. પણ વીજળી ચાલુ હોય, ચાંપ દાબીએ કે દીવા થવાના હોય ત્યારે કોડિયાના અજવાળે અંધકારનો ઉત્સવ માણવાની વાત બરાબર છે. પણ લાઈટ વગર આમતેમ ઠેબાં ખાતાં અંધકારને કેવી રીતે માણી શકાય એ મારી સમજમાં ઊતરતું નથી. સાહિત્યકૃતિઓ કેટલીક વાર ગેરમાર્ગે દોરતી હોય છે. કાકાસાહેબ કાલેલકરનો ‘મધ્યાહ્‌નનું કાવ્ય’ નામનો નિબંધ છે. એમાં મધ્યાહ્‌નના તાપને માણવાની વાત છે. એક વાર હું કોઈ શુભપ્રસંગે કોઈને ત્યાં ભરબપોરે જમવા ગયો હતો. એ શુભસ્થળે મારી ચંપલ ઊપડી જવાની અશુભ ઘટના બની. બસસ્ટૅન્ડ ત્યાંથી દસ મિનિટના અંતરે હતું. કાકાસાહેબના નિબંધથી દોરવાઈને આ ભત્રીજાસાહેબને મધ્યાહ્‌નના તાપને માણવાની ઝંખના જાગી. ધોમધખતા બપોરે ઉઘાડા પગે બસસ્ટૅન્ડ તરફ પ્રયાણ કર્યું.

નૃત્યના કોઈ પ્રકારમાં આવતું ન હોય એવું નૃત્ય કરતો કરતો હું માંડ બસસ્ટૅન્ડે પહોંચ્યો. 'મધ્યાહ્નનું કાવ્ય' એટલું બધું ગરમ હતું કે પગે ફરફોલા ઊઠી આવ્યા. અંધકારનો ઉત્સવ માણવાની વાત પણ એ રાત્રે મને આવી જ લાગી. 'આજ અંધાર ખુશબોભર્યો લાગતો, આજ સૌરભભરી રાત સારી' આવા પ્રારંભવાળી સ્વ. પ્રહ્લાદ પારેખની કવિતા મારી પ્રિય કવિતા છે. સૂરજના અજવાળે કે વીજળીના દીવાના અજવાળે અંધકારની આ કવિતા મેં અનેક વાર વાંચી છે. પણ લાઇટ જવાને કારણે ઉદ્ભવેલા અંધારામાં ચા-ખાંડનાં ડબલાં ન જડતાં હોય કે મીણબત્તી ને બાકસ ન જડતાં હોય ત્યારે અંધકારનો ઉત્સવ માણવાનું કેટલું ને કેવું અઘરું છે એ અનુભવથી જ સમજાય એવું સત્ય છે. અંધકારમાં બાલ્કનીમાં ખુરશી નાખીને કવિ અંધકાર માણી શક્યા હશે કે ઘરના બગીચામાં બેસીને અંધકારનું સૌંદર્ય ઝીલી શક્યા હશે. પણ કવિને મારી જેમ હાથે ચા બનાવવી પડતી હોત; અંધારામાં દળેલી ખાંડ છે એમ માની ચામાં એક-બે ચમચી મીઠું નખાઈ ગયું હોત; ચાનો મસાલો છે એમ સમજી ચામાં હરડેચૂર્ણ નખાઈ ગયું હોત; રાતના સરેરાશ ત્રણ વખત ટેબલ સાથે અથડાવાનું બન્યું હોત; ટેબલ સાથે અથડાયા પછી દવાની શીશી જડતી ન હોત; મીણબત્તીના ગરમ ગરમ મીણને હાથ અડી ગયો હોત ને દાઝ્યા પછી મલમની ટ્યૂબ જલદી જડી ન હોત તો કવિને અંધકાર ખુશબોભર્યો લાગત કે કેમ એની મને શંકા છે. ટાઢ, તાપ, વરસાદ વગેરે કવિતામાં જ માણવાં સારાં એવું હું અનુભવ પરથી સમજ્યો છું.

ઊંડા અંધારેથી મને પરમ તેજે લઈ જવાની પ્રાર્થના કરવા હું ઇલેક્ટ્રિસિટીની કચેરીએ ગયો. પણ ત્યાં તો સર્વત્ર પાણી ભરાયાં હતાં. દરિયો પાર કરીને લંકામાં કેમ પહોંચવું એવી મૂંઝવણ વાનરોને થઈ હતી. મને પણ એવી જ મૂંઝવણ થઈ. મારી પાસે હોડી નહોતી. શટલિયાં હોડીઓની હજુ શરૂઆત થઈ નથી. મારા નામે સ્કૂટર પાણીમાં તરે એવી કોઈ સંભાવના નહોતી. એટલે મેં વ્યૂહાત્મક પીછેહઠ કરી. બે દિવસ પછી પાણી ઓસરી ગયાં તે પછી હું ફરીથી ગયો. લાઇનમાં ઊભો રહ્યો. મારો વારો આવ્યો. ફરિયાદ નોંધાવી. મારો ફરિયાદ-નંબર પાંત્રીસ હજાર એકસો ને સમથિંગ હતો. લાઇનમાંથી નીકળ્યો ત્યાં એક વાચકમિત્ર મળી ગયા ને મને ઓળખી ગયા. એ ઇલેક્ટ્રિસિટી કંપનીમાં જ કામ કરે છે. મેં એમને સહાયભૂત થવા વિનંતી કરી. એમણે કહ્યું, 'યુદ્ધના ધોરણે કામ ચાલી રહ્યું છે. પણ આભ ફાટ્યું છે ને થીંગડું દેવાનું છે. છતાં બને એટલી જલદી વીજળી આવે એ માટે સૌ મથી રહ્યાં છીએ.' આટલું કહી એમણે કહ્યું, તમે માનશો ? મારે ત્યાં જ લાઇટ નથી ! ઘરની આજુબાજુ એટલાં બધાં પાણી ભરાયાં છે કે રિપૅરિંગ શક્ય જ નથી.' મારા દુઃખને પાંત્રીસ હજારથી ભાગીને મેં હળવું બનાવ્યું.

પણ ધાર્યા કરતાં વીજળી ઘણી વહેલી પાછી આવી. સાત દિવસ પછી ઘરમાં ફરી અજવાળાં થયાં. કવિને છંદની અડધી માત્રા મળે તો પુત્રજન્મ જેટલો આનંદ થાય છે એવું સંસ્કૃતમાં કહેવાય છે. હું કવિ નથી એટલે આ અડધી માત્રા મળ્યાનો પુત્રજન્મ જેટલો આનંદ માણવાનું મારા માટે શક્ય નથી. પણ મને લાગે છે કે સાત દિવસ પછી વીજળી આવે છે ત્યારે જે આનંદ થાય છે એ પુત્રજન્મના આનંદ કરતાં લગીરેય ઓછો નથી હોતો !

**– રતિલાલ બોરીસાગર**

# ઇન્સ્ટાગ્રામ અને ટિકટોકનો ગૂગલને પડકાર



ગૂગલ દુનિયાનું પ્રથમ નંબરનું સર્ચ એન્જિન છે. અત્યારે ઑનલાઇન સર્ચનું ૭૦ ટકા બજાર ગૂગલ પાસે છે. કેટલાક અહેવાલોમાં તો આ આંકડો ૯૦ ટકા જેટલો ગણાય છે. એક અંદાજ તો એવો છે કે દુનિયાના ૪૭૨ કરોડ ઇન્ટરનેટના ઉપયોગકર્તામાંથી ૪૩૦ કરોડ ઇન્ટરનેટના ઉપયોગકર્તા ગૂગલ સર્ચ એન્જિનનો ઉપયોગ કરે છે. સર્ચ એન્જિન ટેક્નૉલૉજીમાં ગૂગલ મૉનોપૉલી ધરાવે છે. ૧૯૯૮માં ગૂગલની સ્થાપના થઈ પછી કંપનીએ અનેક ક્ષેત્રોમાં ઝંપલાવ્યું છે. દરેક ક્ષેત્રમાં ધારી સફળતા મેળવી છે. ગૂગલના સ્થાપકો લેરી પેજ અને સર્ગેઈ બ્રિન વિશ્વના ટોચના ૧૦ ધનિકોમાં સામેલ થાય છે. કંપનીમાં ૧.૪૦ લાખ કર્મચારીઓ છે. ગૂગલનું જ વીડિયો શેરિંગ પ્લૅટફૉર્મ છે યૂટ્યૂબ. વીડિયો શેરિંગ પ્લૅટફૉર્મ યૂટ્યૂબની સ્થાપના સ્ટીવ ચેન, ચેડ હર્લી અને જાવેદ કરીમે કરી હતી. આ કંપનીને ગૂગલે ખરીદી લીધી હતી. લાંબા વીડિયોના આ પ્લૅટફૉર્મમાં શૉર્ટ વીડિયો પણ શરૂ થયા છે. તેના એક મહિનાના વપરાશકર્તા ૨૫૦ કરોડ છે. આજે એ બંને કંપનીઓ મૉનોપૉલી ભોગવે છે. સર્ચ એન્જિનમાં ગૂગલની નજીક અત્યારે કોઈ નથી. વીડિયો શેરિંગમાં ઍક્ટિવ યુઝર્સની બાબતમાં યૂટ્યૂબને ટક્કર આપી શકે એવુંય અત્યારે તો કોઈ નથી. દુનિયાની પ્રથમ બે નંબરની વેબસાઇટમાં પહેલો નંબર ગૂગલનો છે ને બીજો નંબર યૂટ્યૂબનો છે. ગૂગલ પછી યૂટ્યૂબ બીજા ક્રમનું સર્ચ એન્જિન પણ છે. હવે અસંખ્ય લોકો ગૂગલને બદલે યૂટ્યૂબમાં સર્ચ કરવા લાગ્યા છે.

પરંતુ આ સ્થિતિ ઝડપથી બદલાઈ રહી છે. ગૂગલની મૉનોપૉલી સામે બે સોશિયલ મીડિયા પ્લૅટફૉર્મ પડકાર સર્જી રહ્યાં છે. એ બે સોશિયલ મીડિયા પ્લૅટફૉર્મ છે - ઇન્સ્ટાગ્રામ અને ટિકટોક. ભારતમાં ટિકટોક પર પ્રતિબંધ મુકાયો છે એટલે દેશના અસંખ્ય વપરાશકર્તાઓનો લાભ ટિકટોકને મળતો નથી, તેમ છતાં એની સતત આગેકૂચ ચાલે છે. ટૅક્નૉલૉજી ક્ષેત્રની ટોચની કંપની ટેકક્રંચના અહેવાલનું માનીએ તો દુનિયાભરના ટીનેજર્સમાં ટિકટોકનો ક્રેઝ વધ્યો છે. આલ્ફા જનરેશન એટલે કે ૨૦૧૦ આસપાસ જન્મેલાં વેબ યુઝર્સ ટિકટોકમાં વધારે સમય પસાર કરે છે. આ ઉપરાંત ૧૯૯૦ના દશકથી ૨૦૧૦ના દશકા વચ્ચે જન્મેલા લોકો પણ ટિકટોકને વધુ સમય આપે છે. ટીનેજર્સ અને બાળકો સરેરાશ ૯૧ મિનિટ ટિકટોક જુએ છે, તેની સરખામણીએ માત્ર ૫૬ મિનિટ જ યૂટ્યૂબમાં રહે છે.




**ચેડ હર્લી, સ્ટીવ ચેન, જાવેદ કરીમ**

ભારતમાં ટિકટોક પ્રતિબંધિત છે, પરંતુ અમેરિકા-યુરોપમાં એ અત્યંત પોપ્યુલર શૉર્ટ વીડિયો શેરિંગ પ્લૅટફૉર્મ બની ગયું છે. અમેરિકન બાળકો-ટીનેજર્સ સરેરાશ યૂટ્યૂબમાં ૬૧ મિનિટ અને ટિકટોકમાં ૯૯ મિનિટ વીડિયો સામગ્રી જુએ છે. બ્રિટનની નવી પેઢી યૂટ્યૂબમાં ૫૩ મિનિટ તો ટિકટોકમાં ૧૦૨ મિનિટનો સમય ગાળે છે. ટિકટોકના ઍક્ટિવ યુઝર્સનો આંકડો ૧૨૦ કરોડને પાર થઈ ગયો છે. દુનિયાના ૨૦૦ કરોડ મોબાઇલમાં ટિકટોક એપ ડાઉનલૉડ થઈ ચૂકી છે. ટિકટોકે તો આગામી ત્રણ વર્ષમાં ૩૦૦ કરોડ ઍક્ટિવ યુઝર્સ સુધી પહોંચવાનો લક્ષ્યાંક બનાવ્યો છે. આથી જ ભારતમાં ફરીથી ટિકટોક શરૂ કરવા માટે થોડા થોડા સમયે એ કંપની પ્રયાસો કરે છે. ભારતમાં ટિકટોકે ૨૦ કરોડ વપરાશકર્તા મેળવી લીધા હતા. જો પ્રતિબંધ ન મુકાયો હોત તો અત્યારે આ આંકડો સહેજે ૫૦ કરોડ વપરાશકર્તાને પાર પહોંચી ગયો હોત. ભારત અને યુરોપના દેશોમાં વપરાશકર્તા વધારવા તરફ ટિકટોકે ધ્યાન આપ્યું છે.

યૂટ્યૂબ-ગૂગલ સામે બીજો પડકાર ફેસબુકની માલિકીના પ્લૅટફૉર્મ ઇન્સ્ટાગ્રામે સર્જ્યો છે. યૂટ્યૂબનું શૉર્ટ વીડિયો પ્લૅટફૉર્મ શૉર્ટ્સમાં મહિનાના ઍક્ટિવ યુઝર્સની સંખ્યા ૧૫૦ કરોડે પહોંચી હોવાનો દાવો કંપનીએ થોડા સમય પહેલાં કર્યો હતો. ઇન્સ્ટાગ્રામમાં ૧૩૮ કરોડ મહિને ઍક્ટિવ યુઝર્સ છે. જેમ ગૂગલ-યૂટ્યૂબ – બંનેના મળીને ઍક્ટિવ યુઝર્સનો આંકડો માતબર ૬૮૦ કરોડ થાય છે એમ ફેસબુક-ઇન્સ્ટાગ્રામ મળીને ઍક્ટિવ યુઝર્સની સંખ્યા ૪૩૦થી ૪૫૦ કરોડને પાર પહોંચે છે. ફેસબુકમાંથી ઇન્સ્ટાગ્રામનો અને ઇન્સ્ટાગ્રામમાંથી ફેસબુકનો ગેટ-વે મળતો હોવાથી યુઝર્સને સરળતા રહે છે. બીજા શબ્દોમાં કહીએ તો યુઝર્સનો સમય આ બંને પ્લૅટફૉર્મમાં વીતે એ માટે પૂરતી વ્યવસ્થા કરવામાં આવી છે. આ બંનેમાંથી ફ્રી થાય તો યુઝર્સ યૂટ્યૂબ સુધી જાય છે. ટિકટોક અને ઇન્સ્ટાગ્રામ શૉર્ટ વીડિયો શેરિંગમાં એકબીજાના કટ્ટર હરીફ છે, પણ બંને મળીને ગૂગલને ફટકો પહોંચાડે છે.

નવી પેઢી ગૂગલથી દૂર થઈ રહી છે એ વાત કંપનીએ પણ સ્વીકારી હતી. ગૂગલના

સિનિયર અધિકારી પ્રભાકર રાઘવને એક કૉન્ફરન્સમાં કહ્યું હતું, કંપનીએ યંગ જનરેશનને કેન્દ્રમાં રાખીને એક અભ્યાસ કરાવ્યો હતો. એનું તારણ એ નીકળ્યું કે જેની વય ૧૫થી ૨૦ વર્ષ છે એમાંથી ૪૦ ટકાએ રેસ્ટોરન્ટ્સની માહિતી ગૂગલ મેપમાં સર્ચ કરવાને બદલે ટિકટોક અને ઇન્સ્ટાગ્રામમાં સર્ચ કરી હતી. ગૂગલના અધિકારીઓ સ્વીકારવા લાગ્યા છે કે ઇન્સ્ટાગ્રામ અને ટિકટોક એમની કંપનીને ભારે ટક્કર આપે છે. નવું ઑડિયન્સ મેળવવામાં યૂટ્યૂબ-ગૂગલની સરખામણીમાં ટિકટોક-ઇન્સ્ટાગ્રામ વધારે અસરકારક સાબિત થઈ રહ્યાં છે. ટિકટોક અને ઇન્સ્ટાગ્રામ વીડિયો ક્રિએટર્સને આકર્ષવા માટે સતત ફેરફારો કરે છે. તેમને વધારે સરળતા આપે છે. ટિકટોકે તો શૉર્ટ વીડિયો સર્વિસની જેમ લાંબા વીડિયો માટેય ઘણી સુવિધા શરૂ કરી છે. યૂટ્યૂબની જેમ વીડિયો ક્રિએટર્સને સારું એવું વળતર આ પ્લૅટફૉર્મમાંથી એક નહીં, તો બીજી રીતે મળી રહ્યું છે. ટિકટોક સામે પૅરેન્ટ્સની કે કંપનીઓની એક ફરિયાદ કન્ટેન્ટ બાબતે હતી. પુખ્તવયના લોકો માટે બનતા ફની વીડિયો કિશોરો સુધી પણ પહોંચી જતા હતા, હવે કંપનીએ ૧૩થી ૧૮ વયના દર્શકોને એવી સામગ્રી ન દેખાય એવું ફિચર લૉંચ કર્યું છે. આ બધાં કારણોથી ટિકટોકની લોકપ્રિયતા વધી રહી છે. અત્યારે ટિકટોકની આવક ૯૫ હજાર કરોડ રૂપિયા છે. ૨૦૨૪માં આ આવક વધીને ૧.૮૨ લાખ કરોડ રૂપિયા જેટલી થઈ જશે. લગભગ આટલી જ આવક યૂટ્યૂબ પણ કરે છે. કદાચ ઍક્ટિવ યુઝર્સની બાબતમાં ભલે ટિકટોક યૂટ્યૂબથી પાછળ હશે, પરંતુ આવકની બાબતમાં સાવ નજીકનું હરીફ બની જાય તો નવાઈ પામવા જેવું નહીં હોય.

અમેરિકા સહિતના મોટા ભાગના દેશોની સરકાર ટિકટોક બાબતે ચિંતિત છે. ટિકટોક યુઝર્સના ડેટાની  પ્રાઇવસીનો મુદ્દો વારંવાર ઉઠાવીને અમેરિકા ને યુરોપિયન સંઘ પ્રતિબંધની ધમકી આપે છે, પરંતુ એના વપરાશકર્તાઓનું વલણ સદંતર જુદું છે. મોટા ભાગના વપરાશકર્તા સર્વેક્ષણમાં કહે છે કે ટિકટોકમાં મનોરંજન ઉપરાંત સમાચારો મળી રહે છે. આસપાસનાં ફરવાલાયક સ્થળો, રેસ્ટોરન્ટ્સ-કૅફે, શૉપિંગ સહિતની મહત્ત્વની વિગતો ટિકટોકમાંથી મેળવવી સરળ બનવા લાગી છે.

એ જ રીતે ઇન્સ્ટાગ્રામમાં નવાં ફિચર્સ ઉમેરાઈ રહ્યાં છે. ક્વિક મૅસેજ મોકલવામાં સરળતા, શેર-રિશેર, એક્સક્લૂઝિવ પોસ્ટ, ફેવરિટ વીડિયો, ક્રિએટર્સ સાથે ચૅટિંગ, એક ગીતને ૩૦ સેકન્ડ સુધી પ્રિવ્યૂ કરવાની સુવિધા, ટૅક્નૉલૉજી, રમૂજી રીલ્સ બનાવવાની સરળતા વગેરેના કારણે ઇન્સ્ટાગ્રામ યુવાનોમાં વધારે ચાહના પામી રહ્યું છે. ઇન્સ્ટાગ્રામ-ટિકટોક વચ્ચે નવાં નવાં ફિચર્સ આપવાની સ્પર્ધા જામી છે અને એ બંને યુઝર્સે ગૂગલ-યૂટ્યૂબની મૉનોપૉલી સામે પડકાર ફેંક્યો છે. ગૂગલ-યૂટ્યૂબ આ ક્ષેત્રમાં શરૂઆતથી જ છે એટલે 'ફર્સ્ટ પ્લેયર્સ' હોવાનો ફાયદો મળી રહ્યો છે, પરંતુ એવો ફાયદો ક્યાં સુધી મળશે એ જોવું રહ્યું. ઇન્સ્ટા-ટિકટોકને હંફાવવા ગૂગલ કેવાં પ્રયાસો, પરિવર્તનો અને ફીચર્સનું નવું પગલું ભરશે, એના પર ટૅક્નો-એક્સપર્ટ્સની નજર  રહેશે.

**– હર્ષ મેસવાણિયા**

## ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અને સંતુલનના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા

# અસ્મિતા વિશેષ સંવાદ

### (૧) શ્રી ગૌરાંગ વ્યાસ




ગુજરાતી ગીત-સંગીતનું એક સુરીલું નામ એટલે અવિનાશ વ્યાસ. એમને માટે તો 'અવિનાશી અવિનાશ' એવાં પુણ્યવચનો બોલાય છે. ગુજરાતી ગીત-ગરબા-સુગમ-ફિલ્મી રચનાઓથી ભરેલો ભારોભાર વૈવિધ્યનો સૂર-શબ્દથાળ એટલે શ્રી અવિનાશ વ્યાસ. એ અવિનાશભાઈની યાદને આજે પણ તરોતાજા રાખી રહ્યા છે તેમના સુરીલા પુત્ર ગૌરાંગ વ્યાસ.

આ પિતા-પુત્રે ગુજરાતી જીભે ગુજરાતી ગીત-ગરબા અને કેટલીક ઉત્તમોત્તમ રચનાઓને જીવંત રાખી છે. ગૌરાંગભાઈ સાથે સંવાદ માંડ્યો ત્યારે ખ્યાલ આવ્યો કે તેઓ એમના પિતાશ્રીને 'ભાઈ' કહે છે. ગૌરાંગભાઈએ દિલથી વાતો કરી પોતાના સૂરના ખોળે જ વીતી રહેલી જિંદગીની. તેઓનાં કેટલાંય યાદગાર ગીતો કેવા સંજોગોમાં રચાયાં તેનું વર્ણન તો આપણને રોમાંચિત કરી મૂકે છે. પિતાશ્રી અવિનાશભાઈ કેમ દર ભાઈબીજે શ્રી અંબાજી જતા જ, તેની વાતો શ્રદ્ધા આગળ માથું ઝુકાવવા મજબૂર કરે છે. મણિયારો જે અતિ લોકપ્રિય થયું, તેમાં શ્રી પ્રફુલ દવેને કેમ લીધા કે લતાદીદી યાત્રામાં કેમ જોડાયાં એ વિગતો દર્શકોના ચિત્તમાં આ સંવાદને યાદગાર બનાવવા સમર્થ છે.

લગભગ ૧૯૭૫માં મુંબઈમાં નિરંજન મહેતા અને અહીંના આપણા બહુ જાણીતા પત્રકાર દિગંત ઓઝા એ બંને ભાઈ પાસે ગયા. હું તો અમદાવાદમાં હતો. મને ખબર નહોતી. એમણે ભાઈને કહ્યું કે અમે એક ફિલ્મ બનાવીએ છીએ અને એનું નામ છે 'લાખો ફુલાણી' અને એને માટે અમે આવ્યા છીએ. તો ભાઈ કહે, ચોક્કસ કરીએ. બોલો, શું કરવાનું છે ? આપણે નક્કી કરીએ. તો દિગંતભાઈ કહે, 'પહેલાં એક વાત એવી કરવાની છે કે આ પિક્ચરમાં સંગીત તમારું નથી.' ભાઈ જરા વિચારમાં પડી ગયા કે મારું સંગીત નથી તો તમે અહીંયાં શું કામ આવ્યા છો, કારણ શું ? તો કહે, 'અમે એવો વિચાર કર્યો છે કે ગૌરાંગ વ્યાસ સંગીત આપશે'...હવે એક સ્વતંત્ર સંગીતકાર તરીકેની કામગીરી મને મળે એમાં કયા પિતાને આનંદ ન થાય ? પછી ભાઈ બહુ ખુશ થયા. એ કહે કે ચોક્કસ ગૌરાંગ કરશે. ગૌરાંગ હમણાં થોડા દિવસમાં મુંબઈ

આવવાનો જ છે અને હું એને વાત કરીશ. ગૌરાંગ ચોક્કસ પિક્ચર કરશે, પણ મારી એક શરત એટલી છે કે ગીતો તો હું જ લખીશ. કોઈ પણ સંગીતકાર માટે ભાઈ ગીતો લખતા જ નહોતા. એકલાં ગીતો કોઈનાં લખતા નહોતા. ગીત-સંગીત બંને સાથે હોય તો જ લખે, પણ આ પિક્ચરમાં એમણે માત્ર ગીતો લખ્યાં અને 'લાખો ફુલાણી' લગભગ ૧૯૭૫ કે ૧૯૭૬માં કર્યું. એ પિક્ચર મારું પહેલું પિક્ચર હતું. રીટા ભાદુરીનું પહેલું પિક્ચર, મારું પણ પહેલું જ પિક્ચર અને આપણા અત્યંત લોકપ્રિય લોકગાયક પ્રફુલ દવેનું પણ પહેલું પિક્ચર. પ્રફુલ દવેનો રસધારા કરીને એક કાર્યક્રમ થતો હતો. એમાં પ્રફુલ દવેને મેં સાંભળેલા અને એમની પાસેથી મેં મણિયારો સાંભળ્યું. એ ફિલ્મના ડિરેક્ટર હતા અરુણ ભટ્ટ. વિજય ભટ્ટના દીકરા.

એમને મેં કહ્યું, 'ભાઈ, આ એક રાસ તમને સંભળાવું.' એમ કરીને મેં એમને મણિયારો સંભળાવ્યું. તો મણિયારો એમને ખૂબ જ ગમ્યું. મેં કહ્યું કે આ ગીત આપણે રેકૉર્ડ કરવું હોય તો પ્રફુલ દવે પાસે જ ગવડાવાય, એ સિવાય બીજા કોઈ ચાલે નહીં. એટલે અરુણભાઈ કહે છે કે, 'ભાઈ, સાવ નવા ગાયક તો નહીં ચાલે. આપણે એક કામ કરીએ. રાસ તો રાખીએ, પણ મહેન્દ્ર કપૂર પાસે ગવડાવીએ.' મેં કહ્યું, 'મહેન્દ્ર કપૂર ગાશે, તો એ વાત નહીં બને, જે પ્રફુલ દવેમાં બનશે. તમે એક વાર એને સાંભળી લો. તમને એવું લાગે કે બરાબર નથી, તો આપણે એને જવા દઈશું.' એટલે મેં પ્રફુલભાઈને મુંબઈ બોલાવ્યા અને એણે અરુણભાઈને આ મણિયારો સંભળાવ્યું. અરુણભાઈ ખુશ થઈ ગયા. એ કહે, 'આ તો જબરજસ્ત ગાયક છે કોઈ સવાલ જ નથી.'

પણ તકલીફ એવી હતી કે મણિયારો ગીત એ ખાલી ફીમેલ ગીત હતું. એમાં પુરુષનું કંઈ નહોતું. એટલે અરુણભાઈએ ભાઈને કહ્યું કે હવે આમાં તમારે નવા અંતરા લખવા પડશે. એમાં બે અંતરા જે હતા એ રાખ્યા અને બે અંતરા નવા લખવા એવું હતું. ભાઈ કહે, 'સારું લખી કાઢીશ.' બીજે દિવસે અમે ગીત ઉપર બેઠા હતા. ભાઈએ અઢાર અંતરા લખી નાખ્યા અને એક પછી એક સંભળાવવા લાગ્યા. અરુણભાઈ ગૂંચવાઈ ગયા કે આમાંથી કયું સારું છે ? તો એમાંથી ગમે તેમ કરી બે અંતરા પસંદ કર્યા. પછી હવે પ્રફુલ દવેનું રેકૉર્ડિંગ કરવું એવું નક્કી થયું. એની સાથે ફીમેલ વૉઈસ તરીકે સુમન કલ્યાણપુરને ગવડાવવાનું નક્કી કર્યું.

હું પ્રફુલભાઈને સુમન કલ્યાણપુરના ઘરે લઈ ગયો, રિહર્સલ કરાવવા માટે. મેં સુમનજીને કહ્યું કે આ જે ગીત છે એ લોકગીત છે, એનો લ્હેકો છે એ તમે જરા સાંભળી લો. આ રીતે જ ગવાય તો મજા આવશે. પ્રફુલભાઈએ મણિયારો સંભળાવ્યું ને સુમન કલ્યાણપુરને આનંદ થયો. એણે કહ્યું કે હવે હું પ્રયાસ કરું કે આ રીતે લ્હેકો કરવાનો. મેં કહ્યું, કશો વાંધો નહીં અને એ રીતે 'લાખો ફુલાણી'નું પહેલું ગીત મણિયારો અમે રેકૉર્ડ કર્યું. જે આજ સુધી લોકોનાં હૈયે છે. એમાં અંતરા થોડા મોડીફાય કરીને નવા કર્યા અને એ રીતે આખા ગીતને શણગારીને રજૂ કર્યું. લોકોને ખૂબ ગમ્યું. એટલું બધું ગમ્યું કે સરસપુર કે એવા એરિયામાં એક થિયેટર હતું એમાં લોકોએ મણિયારો ગીતને વન્સ મૉર આપ્યું. અને લોકોએ હો..હો.. કરીને કહ્યું કે એ ગીત ફરીથી સાંભળવું છે. થિયેટરમાં ફરીથી લાઈટો થઈ અને એ ગીત ફરીથી સંભળાવ્યું એટલે લોકો શાંત થયા.'

(૨) **શ્રી કુમારપાળ દેસાઈ :**




વિશ્વભરમાં જૈન સાહિત્યની પગદંડીએ યાત્રાઓ કરનાર પ્રાધ્યાપક, ગુજરાતી સાહિત્ય માટે પોતાની નિવૃત્તિને જ નિજાનંદી પ્રવૃત્તિ બનાવે ત્યારે જે વ્યક્તિત્વ મળે તે શ્રી કુમારપાળ દેસાઈ. તેઓ સાહિત્યના, અધ્યાત્મના, જીવન-દિવ્યતાના, સ્પૉર્ટ્સ ફિલ્ડના, કટાર લેખન જગતના અને સૌથી વધુ તો જીવનને ભરપૂર જીવનાર જીવનના માલિક છે. કયું ક્ષેત્ર એવું છે કે જેને કુમારપાળભાઈ સ્પર્શ્યા નથી એ જ પ્રશ્ન છે. અને તેમના ગુરુસખા સમાન શ્રી ધીરુભાઈ ઠાકરની નિશ્રામાં રહીને તેઓએ ગુજરાતી સાહિત્યની એકમેવ ગૌરવ-સંસ્થા વિશ્વકોશનું નિર્માણ કર્યું અને ધીરુભાઈની વિદાય પછી સુચારુ સંચાલન પણ કરી રહ્યા છે. બિલકુલ મૃદુભાષી કુમારપાળભાઈ સાથે અસ્મિતા વિશેષ સંવાદ થોડી ગડમથલ પછી શક્ય બન્યો, કારણ તેઓનો પ્રશ્ન હતો કે, આ શ્રેણીનું નિર્માણ જો વિશ્વકોશ જ કરતું હોય, તો તેમાં હું શા માટે ? પણ તેઓને સમજાવી શકાયા કે અમે તો કુમારપાળભાઈના બહુવિધ પ્રદાનની ગાથાને કચકડે મઢવા માંગીએ છીએ. બહુ સરળ અને સહજ પ્રકૃતિના કુમારપાળભાઈ સાથેનો સંવાદ એકદમ ઝરણાની જેમ વહ્યો તેનો સંવાદકર્તા તરીકે મને આનંદ છે. આવો, તેમની જ પાસેથી તેમના જીવનની માર્મિક વાતો જાણીએ.

'મારા પિતાશ્રીનું એકાએક અવસાન થયું અને મારા પિતાશ્રી એમના મિત્રોને કહેતા, એમના મિત્રોમાં એક ગોવિંદપ્રસાદ વૈદ્ય હતા તેઓ એમને કહેતા કે 'વૈદ્યરાજ' સવારમાં વાંચશો કે મારો મિત્ર એકાએક જતો રહ્યો. એ સમયે પિતાશ્રીને પુષ્કળ ડાયાબિટીસ છતાં ડબલ ખાંડવાળી ચા લે. વૈદ્યરાજ મારે ત્યાં આવે એટલે મારી બાને કહે કે વૈદ્યરાજની મોળી ચા અને મારી ડબલ ખાંડવાળી ચા મોકલો. એક વાર પુનિત મહારાજ અમારે ત્યાં આવેલા. પુનિત મહારાજ બહુ ગંભીર અને અતિ ચિંતાગ્રસ્ત હતા. પછી પુનિત મહારાજને પૂછ્યું કે, 'શું થયું છે તમને ?' તો એ કહે, 'મને ડાયાબિટીસ થયો છે.' એટલે મારા પિતા જયભિખ્ખુએ કહ્યું, 'ચાલો પેંડા ખાઈએ આપણે.' પેલો ડાયાબિટીસનો ભય છે એ કોઈ દિવસ એમને અડે નહીં. એમના પોતાના જીવનમાં એમને કિડની, ડાયાબિટીસ, આંખે ઓછું દેખાય પણ એમની ખુમારી અદ્ભુત. એ એવી ખુમારી હતી કે જે કદાચ હું આપને વર્ણવી ન શકું. કોઈ પણ માણસ હોય કે કોઈ બહુ મોટા શ્રેષ્ઠી હોય, કસ્તુરભાઈ લાલભાઈ હોય તો એમને પણ પોતાને જે લાગે તે કહી શકતા. કોઈને કોઈ રીતે પાછા પડવાની વાત જ નહીં.

એમના જીવન વિશે તો મેં એક પુસ્તક પણ લખ્યું છે. એના ઉપરથી અમે એક નાટક પણ તૈયાર કર્યું, એ ઘણી જગ્યાએ રજૂ થયું છે.

ઘણા પ્રસંગો છે, પણ પિતાશ્રીનું એકાએક અવસાન થયું પછી હું બહુ ડિસ્ટર્બ રહેતો, હું સાંજે જમી ન શકું, કારણ કે અમે સાથે જમતા. એ સમયે મારા કાકા આવે, મારી સાથે બેસે, અમે જમીએ. પછી એક દિવસ મારી માતાએ મને કહ્યું, 'બેટા, તું સિંહનું સંતાન છે. કેમ આવી રીતે રહે છે ? તું જો... કેટલી મોટી વાત છે આ કે હું મારી જિંદગીની પળેપળ એમના માટે વિતાવતી હતી, પણ એ ગયા એટલે તું જો કે મેં મારું મુખ તારા દીકરાઓ તરફ ફેરવી લીધું છે. એમ તારે હવે તારી જે જવાબદારી છે એ સંભાળવી જોઈએ, નિરાશ ન થવું જોઈએ.' મારા કુટુંબમાં કોઈ પણ આઘાતજનક ઘટના બને એટલે સહુકોઈ પહેલાં બાને બોલાવી લે, કારણ કે હિંમત આપનારાં તેઓ એક જ હતાં. કોઈ બીમાર હોય અને પહેલા માળે રહેતો હોય એનાથી દાદર ન ચડી શકાય તો નીચે જઈ ફ્રૂટ વગેરે બધું લઈ આવે ને આપે. મારી સોસાયટીમાં કોઈ માણસને ત્યાં પ્રસંગ હોય, તો પહેલાં એની પાસેથી ૫૦૦ રૂપિયા લેવા આવે અને કહે, 'જયાબહેન, ૫૦૦ રૂપિયા આપો. કારણ તમારા પૈસા લઈએ એટલે અમારું કામ પતી જાય છે.' પૈસા ઘણા એની પાસે હોય, પણ કહે કે, 'તમારા શુકનના પૈસા હોય એટલે અમારું કામ પતી જાય છે !' એની છેલ્લી ઘડી હતી ત્યારે એણે મને બે કામ સોંપેલાં. મને કહે, 'આપણા એક વડીલના પિતાનું એકાએક અવસાન થયું એના દીકરાને નોકરી અપાવવાની જવાબદારી તારી' અને બીજા હતા એ સૌરાષ્ટ્રમાં મારા મામાના દીકરા એમને થોડું માનસિક ચિત્તભ્રમ થઈ ગયેલું. મને કહે, 'એના કુટુંબની જવાબદારી તારી. બસ આ બે, બાકી કશું જ નથી.'

છેલ્લી વખત મને એણે બોલાવ્યો. મારા પિતાશ્રી જ્યારે અવસાન પામ્યા ત્યારે એમણે એક ડાયરી લખી રાખેલી. એક મહિના પહેલાં ૨૪ ડિસેમ્બર, ૧૯૬૯ના રોજ અવસાન પામ્યા. ૨૩મી નવેમ્બરે આ ડાયરીમાં એમણે લખેલું કે, 'જિંદગીમાં આટઆટલા રોગો છે, પણ જિંદગી યાત્રા જેવી ગઈ, રાજા-મહારાજા જેવી ગઈ !' તમે વિચાર કરો, કેવી ખુમારી હશે. પછી કહે, 'હવે થોડો સમય છે. મારું મૃત્યુ થાય તો કોઈએ રડવાનું નહીં, સ્મશાનયાત્રામાં માત્ર ભજન ગાવાનાં. મારી માતાએ વૈધવ્યનાં ચિહ્નો ધારણ ન કરવાં.' ઈશ્વર પેટલીકરે કહ્યું કે, 'હું જયભિખ્ખુને એટલા બધા ક્રાંતિકારી નહોતો માનતો કે એ કહે કે વૈધવ્યનાં ચિહ્નો ધારણ ન કરવાં.' છેલ્લાં ચાર વાક્યો એમની ડાયરીમાં હતાં કે...

૧. ગરીબોની સેવા કરવી.

૨. પારેવાને જાર નાખવી.

૩. બને તેટલું તીર્થાટન કરવું અને

૪. સૌએ અગરબત્તી જેવું જીવન જીવવું.

લોકો પોતાના આદર્શની ખોજ કરે છે પણ મને આ ડાયરીમાંથી આદર્શ મળી ગયો.

**– સંકલન : ભદ્રાયુ વછરાજાની**

# માતાની ગોદની હૂંફ



ડૉ. રાજેન્દ્ર તથા ડૉ. સુચેતા ધામણે

કેટલીક ઘટનાઓ વ્યક્તિને એના જીવનમાં એટલી બધી હદે વિચલિત કરી દે છે કે એના જીવનની દિશા બદલાઈ જાય છે. અહમદનગરમાં રહેતા ડૉક્ટર દંપતીના જીવનમાં આવી જ એક પરિવર્તનકારી ઘટનાથી જીવનમાં સાવ જુદો જ વળાંક આવ્યો. રાજેન્દ્ર ધામણે અને સુચેતાએ એક જ કૉલેજમાં મેડિકલનો અભ્યાસ કર્યો અને ત્યારબાદ લગ્નગ્રંથિથી જોડાયાં. સમાજ માટે કંઈક કરવું એવી એમના મનમાં ભાવના હતી, પરંતુ હજી કઈ દિશામાં કામ કરવું, તે સ્પષ્ટ નહોતું. મહારાષ્ટ્રના અહમદનગરમાં ડૉ. રાજેન્દ્ર ધામણેએ પોતાનું દવાખાનું શરૂ કર્યું અને ડૉ. સુચેતા ધામણે મેડિકલ કૉલેજમાં અધ્યાપનકાર્ય સાથે જોડાયાં. એક દિવસ બંને એમના કામે જઈ રહ્યાં હતા, ત્યારે એમણે જોયું કે એક મહિલા કચરાના ઢગલા પર બેઠી હતી. નજીક જઈને જોયું તો ખબર પડી કે એ વિષ્ટા (મળ) ખાઈ રહી છે ! એમના આશ્ચર્ય અને આઘાતનો પાર ન રહ્યો. એમણે એને બોલાવી, એને થોડી સ્વચ્છ કરી અને પોતાના ટિફિનનું ભોજન એને આપ્યું.

આ આખી ઘટનાએ દંપતીને વિચારતાં કર્યાં કે જે સમાજમાં એક બાજુ હોટલના મેનુ કાર્ડમાંથી મનગમતી અને મનભાવતી વાનગી હોંશભેર મંગાવીને રસથી ખાઈએ છીએ તો બીજી બાજુ એ જ સમાજમાં એક સ્ત્રીની આવી બદતર હાલત ! એમણે જોયું કે માનસિક રીતે અસ્વસ્થ હોય, એઇડ્સ કે ટી.બી.ની દર્દી હોય, જાતીય રોગ થયો હોય, યૌનશોષણથી ગર્ભવતી બની હોય, કિડની કે હૃદયની બીમારી હોય એવી મહિલાઓને એના પરિવારજનો શિરડી-અહમદનગર હાઈવે પર મૂકીને જતા રહેતા હતા.

એક દિવસ એમની મુલાકાત પચીસ વર્ષની યુવતી સાથે થઈ, જે માનસિક રીતે અસ્વસ્થ હતી. એ ફૂટપાથ પર રહેતી હતી અને રાત્રે ડિવાઇડર વચ્ચે સૂઈ જતી, જેથી કોઈ એને જોઈ ન શકે અને સુરક્ષિત રહે. ૧૯૯૮થી આવી ઘણી સ્ત્રીઓને આ દંપતી ભોજન તૈયાર કરીને આપતું હતું, પરંતુ ધીમે ધીમે એની સંખ્યા સિત્તેર-એંશી જેટલી થઈ ગઈ.

ધામણે દંપતીએ આ સ્ત્રીઓ માટે શેલ્ટર હોમ બનાવવાનું વિચાર્યું. ડૉ. રાજેન્દ્રના

પિતાજી બાજીરાવ ધામણે ગુરુજી નિવૃત્ત શિક્ષક છે. એમની પાસે છ હજાર સ્ક્વેર ફૂટ જમીન હતી, જે એમણે શેલ્ટર હોમ બનાવવા આપી તથા બીજા અનેક લોકોના સહયોગથી ૨૦૦૭માં શેલ્ટર હોમ બન્યું, જેનું નામ રાખ્યું. 'માઉલી સેવા પ્રતિષ્ઠાન.' મરાઠીમાં માઉલીનો અર્થ થાય છે મા. તેઓ જેમને નિયમિત ભોજન આપતા હતા તેમને આ શેલ્ટર હોમમાં લાવવા એવો નિર્ણય કર્યો. એક મહિલાએ આવવાનો ઇન્કાર કરી દીધો, કારણ કે એનો ભાઈ એને થોડી વારમાં લેવા આવીશ એમ કહીને ફૂટપાથ પર મૂકી ગયો હતો, તેથી તેના મનમાં એમ હતું કે આ જગ્યા છોડીને જઈશ તો એનો ભાઈ એને કેવી રીતે શોધશે ? છેવટે સુચેતા તેને સમજાવીને લઈ આવ્યાં. આજે અહીં ત્રણસો સ્ત્રીઓ અને ઓગણત્રીસ બાળકો રહે છે. આ બધાની સંભાળ લેવાનું ખૂબ મુશ્કેલ કામ છે, કારણ કે તેમને સવારે ચા-નાસ્તો, નહાવડાવવા, ભોજન, દવા બધાનું ધ્યાન રાખવું પડે. સવારે છ વાગ્યાથી રાતના અગિયાર વાગ્યા સુધી સતત સેવાકાર્ય ચાલતું હોય. ડૉ. સુચેતાએ પોતાની નોકરી છોડીને માઉલી સેવા પ્રતિષ્ઠાનમાં જ ધ્યાન આપવાનું નક્કી કર્યું.

સતત લેવાતી કાળજીથી સ્ત્રીઓની સ્થિતિ સુધરવા લાગી. તેથી શેલ્ટર હોમના કામમાં પણ મદદ કરવા લાગી. અલગ અલગ કામ માટે એમની ટીમ બનાવવામાં આવી છે, જેમાં રસોઈ, સફાઈ, ગોપાલન, ખેતીનો સમાવેશ થાય છે. આ ઉપરાંત તેમને ધૂપ, અગરબત્તી બનાવતાં પણ શીખવે છે. તેમનો પ્રયત્ન એવો છે કે તેઓ તન અને મનથી સ્વસ્થ થાય અને પોતાના વિશે કે કુટુંબ વિશે ભુલાયેલી વાત યાદ આવે. એમાં કેટલીક સ્ત્રીઓ એચ.આઈ.વી. પૉઝિટિવ છે, એની સારવાર કરવામાં આવે છે. આજે અહીં ત્રણસો સ્ત્રીઓ રહે છે અને ૨૯ બાળકો છે. અહીં જેટલાં બાળકો છે તેમના શિક્ષણનો ખર્ચ પણ માઉલી સેવા પ્રતિષ્ઠાન દ્વારા કરવામાં આવે છે.

ધામણે દંપતીની ઇચ્છા એવી છે કે પ્રત્યેક બાળક પગભર થાય અને ભવિષ્યમાં પોતાનું જીવન સારી રીતે જીવે. અહીં આવતી સ્ત્રીઓ દ્વારા સમાજનાં નિરાશાજનક અને નકારાત્મક પાસાંનાં દર્શન થાય છે. તો બીજી બાજુ સમાજના સંપન્ન લોકો અમને મદદ કરે છે તેથી શુભ ભાવના પર શ્રદ્ધા બેસે છે.

આ સંસ્થા લોકોના સહયોગથી ચાલે છે. સરકાર તરફથી કોઈ મદદ મળતી નથી. તેથી પગારદાર કર્મચારીઓ ઓછા છે. મોટા ભાગનું કામ ધામણે દંપતી કરે છે. એ ઍમ્બુલન્સ ડ્રાઇવરનું હોય કે લૅબ ટૅક્નિશિયનનું ! અહમદનગર પછી મનગાંવમાં હવે બીજું શેલ્ટર હોમ બનાવ્યું, કારણ કે આ નાનું પડે છે. ૨૦૧૬માં રોટરી ઇન્ટરનેશનલ દ્વારા હૉંગકૉંગમાં યોજાયેલા સમારંભમાં ઇન્ટરનેશનલ હ્યુમેનીટેરિયમ ઍવૉર્ડમાં મળેલ એક લાખ ડૉલર પણ આ સેવાકાર્યમાં વાપર્યા. આજે સ્ત્રીઓના આધારકાર્ડ અને ચૂંટણીકાર્ડ પણ બનાવડાવે છે અને તેઓ તેના મતાધિકારનો ઉપયોગ પણ કરે છે. ધામણે દંપતીનો હેતુ આ મહિલાઓને માત્ર આશરો આપવો કે ભોજન કરાવવું એટલો જ નથી. તેઓ એમને એક સારી જિંદગી આપવા માગે છે.

**– પ્રીતિ શાહ**

# પૂર્વજોની ભૂમિ સાથે સનાતન અનુબંધ

સ્ક્વૉમિશ અને લિલવાટ નામની કૅનેડાની બે મુખ્ય આદિજાતિની સંસ્કૃતિનો પરિચય વ્હિસ્લર ગામમાં આવેલા કલ્ચરલ સેન્ટરના મ્યુઝિયમમાં થયો. વ્હિસ્લરની સીમમાં કુદરતી સૌંદર્યને ખોળે શોભતું નાનું પણ નમૂનેદાર મ્યુઝિયમ. એમાં બંને જાતિઓના ઇતિહાસથી વધુ એમની વિચારસરણી, એમની કલાકારીગરી, એમની વનસંપદા વગેરેની વાત હતી. એ મ્યુઝિયમના બધા જ કાર્યકરો આદિવાસી હતા. છેલ્લે એ સૌએ મળીને એમનું સંગીત પણ સંભળાવ્યું હતું.

પર્યાવરણને લેશમાત્ર પણ ખલેલ પહોંચાડ્યા વગર બાંધેલા એ રૂપાળા મકાનને અહીં વસતા આદિજાતિના લોકો માત્ર એક મકાન નહીં, 'સાચું પડેલું સ્વપ્ન' કહે છે. આદિજાતિની સંસ્કૃતિ કુદરત સાથે એકત્વ અને પર્યાવરણ પ્રત્યે આદર સાથે ધરતીની ગરિમાનું સન્માન કરે છે. તેઓ માને છે કે, આસપાસનું કુદરતી સૌંદર્ય એ જ અમારાં રહેઠાણોનું કલાત્મક સુશોભન છે !' કલ્ચરલ સેન્ટરમાં પ્રવેશતાં જ આ આખી પરિકલ્પના અને પ્રયોજન વિશેની નોંધ વાંચી. એમાં લખ્યું હતું કે, 'આજે આપણી જે જીવનરીતિ છે, તે આપણને આપણા પૂર્વજોએ શીખવી છે. એક એવું સૂત્ર છે, જે આપણા આદિમ ભૂતકાળને, આપણા વર્તમાનને જોડે છે. ડહાપણની આ દોરી આપણી પરંપરા છે, જે આપણને ગીતો, નૃત્યો અને વાર્તાઓ દ્વારા શીખવવામાં આવે છે. જે આપણને શીખવે છે કે, કેવી રીતે આસપાસના વાતાવરણ સાથે સંવાદિતા સાધીને જીવવું. આપણી મૌખિક પરંપરા દ્વારા પ્રગટ થતું સાંસ્કૃતિક જ્ઞાન આપણી ભૂમિ પર અંકિત થયેલ છે અને આપણી ભાષા અને આપણી ધરતી - બંને એકબીજાનાં દર્પણ છે.'

આ મ્યુઝિયમમાં પ્રદર્શિત થયેલ વસ્તુઓ સાથે આદિવાસી સમાજોની વિચારસરણીને વ્યક્ત કરતાં લખાણો પણ હૃદયસ્પર્શી હતાં. સ્ક્વૉમિશ જાતિના કલ્ચરલ સ્ટેટમેન્ટમાં લખ્યું હતું કે, 'પૂર્વજોની આ ભૂમિ સાથે અમારો સનાતન અનુબંધ છે. આ



**સ્ક્વૉમિશ લિલવાટ મ્યુઝિયમ**

ભૂમિએ અમને શારીરિક અને આધ્યાત્મિક રીતે પોષ્યા છે. અમારા પૂર્વજોએ અમને કુદરતનાં દરેક પાસાંઓ - જેવાં કે પ્રાણીઓ, વૃક્ષો, જળ અને જમીનનો ઉપભોગ કરવાનો વિવેક શીખવ્યો છે. એમણે અમને જીવતાં શીખવ્યું છે. અમે અમારા લોકો માટે ભરપૂર જીવનની પ્રાર્થના કરીએ છીએ અને અમને વિશ્વાસ છે કે, આ ધરા અમને એ અવશ્ય આપશે. અમારાં બાળકોમાં ભવિષ્યની ઊજળી આશાઓ સેવવા બદલ અમે અમારા પૂર્વજોના આભારી છીએ.' જ્યારે લિલવાટ જાતિના કલ્ચરલ સ્ટેટમેન્ટમાં લખ્યું હતું, 'અમે સમૃદ્ધ સાંસ્કૃતિક અને પરંપરાઓનો વારસો ધરાવતું મજબૂત રાષ્ટ્ર છીએ. અમે જે કાંઈ કરીએ, ભલે તે નૃત્ય હોય કે અમારી બોલાતી ભાષા હોય, કે પછી ટોપલી ગૂંથતાં હોઈએ કે લાકડા પર કોતરકામ હોય, અમારા પૂર્વજો પ્રત્યેના ગૌરવ સાથે અમે એ તમામ કામ કરીએ છીએ. આધુનિકતા સાથે અમે અમારી પરંપરાઓ જાળવી છે. અમને અમારી સમજ માટે ગૌરવ છે અને અમારી સંસ્કૃતિ તમારી સાથે વહેંચવાનો અમને આનંદ છે. અમારા વિશે વધુ જાણવા માટે આ સાંસ્કૃતિક કેન્દ્રમાં આપનું સ્વાગત છે.

પોતાની સંસ્કૃતિ વિશે આગળ સમજાવતાં આદિવાસીઓ કહે છે કે, 'ભાષાનો જન્મ થયો, એ પહેલાંની વાતો મૌખિક પરંપરાથી ચાલી આવે છે. અમારી સંસ્કૃતિમાં એનું આગવું મહત્ત્વ છે. આ લેખિત વારતાઓના બે પ્રકાર છે : એક તો છે, સત્ય ઘટનાઓ પર આધારિત વાતો, જેમાં હિમયુગની, વિરાટ પૂરની તથા પૂર્વજોનાં પરાક્રમોની વાતો આવે છે. જ્યારે બીજો પ્રકાર છે, પુરાકલ્પનનો. એમાં પશુ-પંખીઓ, પર્વતો વગેરેને જીવિત હસ્તી માનીને એમની અલૌકિક શક્તિઓની વાત કહે છે. ફરતાં ફરતાં અમે એક સુંદર ચિત્ર સામે પહોંચ્યાં. પાનખરમાં ખરેલાં પાનનું એ ચિત્ર સચિન વિજયન નામના ૧૩ વર્ષના ભારતીય મૂળના બાળકે બનાવેલું હતું. એની નીચે લખ્યું હતું : 'ખરતાં પાંદડાં પસાર થતા સમય જેવાં હોય છે.'

કૅનેડાની રૉકી પર્વતમાળામાં ફર્યા બાદ અમારો મુકામ વૅનકુવર આયલૅન્ડ ઉપર હતો. આ વિશાળ ટાપુ ઉપર વિક્ટોરિયા નામનું ગામ વસેલું છે. કૅનેડાનું એ વિન્ટર કૅપિટલ અર્થાત્ શિયાળાની રાજધાની ગણાય છે. કૅનેડાની આદિવાસી સંસ્કૃતિનો પ્રથમ પરિચય વ્હિસ્લરના રોકાણ દરમિયાન થયેલો અને અહીં વિક્ટોરિયામાં એ સઘન બન્યો.


ટોટમ પૉલ્સ

વિક્ટોરિયાના પાર્લમેન્ટભવન-ના વિશાળ મેદાનમાં લૉન ઉગાડેલી હતી. એની વચ્ચે સરસ બગીચો હતો. વળી એ મેદાનમાં પેલાં અહીંની સંસ્કૃતિની ઓળખાણ સ્વરૂપ ટોટમ પૉલ્સ અર્થાત્ લાકડા પર આદિવાસી કલાકામની

કોતરણી કરેલા ટોટમ નામના ઊંચા સ્તંભ પણ ઊભેલા દેખાતા હતા. આવા સ્તંભો બ્રિટિશ કોલમ્બિયામાં ઠેર ઠેર જોવા મળ્યા. આખેઆખા વૃક્ષમાંથી કોતરી કાઢેલા હોય, તેવા આ લાંબા-ઊંચા ટોટમ સ્તંભો પર માનવીનાં મહોરાં, પ્રાણીઓની મુખાકૃતિઓ, ગરુડપંખીના આકાર વગેરે જોવા મળતાં હોય છે. પ્રથમ દૃષ્ટિએ એકસરખા લાગતા આ સ્તંભોને બારીકીથી નિહાળતાં સમજાયું કે, દરેક ટોટમનો અલાયદો અર્થ હોય છે. કહેવાય છે કે, ક્વીન શાર્લોટ નામના ટાપુ પર વસતા હેઈડા નામના આદિજાતિના લોકોએ આ કલાની શરૂઆત કરી. એમણે અઢારમી તથા ઓગણીસમી સદીમાં રચેલા આવા અનેક સ્તંભો આજે પણ અડગ ઊભેલા જોવા મળે છે. આ ટોટમ ક્યારેક કોઈ મોટા ઉત્સવની કે મોટી મિજબાનીની સ્મૃતિમાં રચવામાં આવતા, તો ક્યારેક કોઈ પ્રતાપી વ્યક્તિના આદરમાં મૂકવામાં આવતા. ક્યારેક કોઈની મરણોત્તર સ્મૃતિમાં તો વળી ક્યારેક એ કોઈ ધાર્મિક ભાવનાના કે સાંસ્કૃતિક પ્રતીક રૂપે મુકાતા. તો વળી કેટલાક શેઈમ પૉલ તરીકે ઓળખાતા ટોટમ કોઈક શરમજનક ઘટના; જેવી કે, દેવું ન ચૂકવવું વગેરેની નામોશીને વ્યક્ત કરવા માટે મૂકવામાં આવતા. દાખલા તરીકે અલાસ્કામાં એક શેઈમ પૉલ અલાસ્કા સ્ટેટના તે વખતના અમેરિકાના સેક્રેટરી જનરલ માટે મુકાયેલો છે. સેક્રેટરી જનરલે આદિવાસીઓને જે ઉજાણી આપવાની હતી, તે ન આપી, તેથી આદિવાસીઓએ રીસમાં લાલ નાકવાળા જક્કી માનવચહેરો દાખવતો - 'જરાક તો શરમ કરો' એવું મોભમ કહેતો ટોટમ મૂક્યો છે !

પાર્લમેન્ટભવનની બાજુમાં જ રૉયલ બ્રિટિશ કોલમ્બિયા મ્યુઝિયમ હતું. આ સંગ્રહાલય ખૂબ રસપ્રદ અને સરસ હતું. વ્હિસ્લરના મ્યુઝિયમમાં લિલવાટ અને સ્ક્વૉમિશ સંસ્કૃતિનો પરિચય થયો હતો, અહીં એ ઓળખાણ પાક્કી થઈ ગઈ. લોકજીવનની ઝાંખી કરાવતાં પૂતળાં વચ્ચે મૂકેલા વિચારો તથા સંસ્કારોને વ્યક્ત કરતાં લખાણો અવિસ્મરણીય હતાં. એક જગ્યાએ લખેલું હતું : 'અમારાં જીવન, અમારી સંસ્કૃતિ તથા અમારું સમગ્ર અસ્તિત્વ આ ધરતી સાથે બંધાયેલું છે. અમારો વણલખ્યો નિયમ છે કે, ઉગ્ર ભાષાનો પ્રયોગ કરવો નહીં તથા આપણો વિરોધ કરનારાનું અપમાન કરવું નહીં. દરેકની જીવનશૈલીનો આદર કરવાનું અમને શીખવવામાં આવ્યું છે. અમને એ પણ શિખવાડ્યું છે કે, અમારી જમીન સૌ સાથે વહેંચી લેવી, પરંતુ ક્યારેય કોઈ એને ખૂંચવી ન જાય તેય જોવું.' તો વળી બીજી એક જગ્યાએ લખ્યું હતું : 'વિશ્વના દરેકેદરેક જીવ માટે કોઈ ને કોઈ ચોક્કસ કર્તવ્ય સર્જાયેલું હોય છે, માટે જ આપણને એકબીજાની જરૂર હોય છે. માટે આપણે સદાય આપણી ભૂલો પરથી શીખતાં રહેવું જોઈએ.' ત્રીજી એક હૃદયસ્પર્શી વાત પણ ત્યાં જ વાંચેલી : 'આપણે આપણી સંસ્કૃતિ પાસેથી માર્ગદર્શન પામીએ છીએ તથા વડીલોની સલાહથી દોરવાઈએ છીએ. આપણે સદાય એવો રસ્તો પસંદ કરવો જોઈએ, જેના પર આપણું હૃદય સુખશાંતિ અનુભવે.' કેટલું સાચું કહ્યું છે આદિમાનવોએ કે, 'સ્વાર્થી વર્તન આખરે પોતાની જાતનો અને સમાજનો નાશ કરે છે.'

**— ભારતી રાણે**

લેક્સિકન

# વાત વરસાદની

અષાઢ મહિનામાં ભગવાન જગન્નાથની સવારી આવી, તેની સાથે સાથે મેઘરાજાની સવારી પણ આપણા રાજ્યમાં આવી. વરસાદની કાગડોળે રાહ જોતા ખેડૂતો આ મેઘમહેરથી પ્રસન્ન થઈ અને જોરશોરથી ખેતરમાં વાવણીનું કામ શરૂ કરી દે છે. શું તમે જાણો છો કે શબ્દકોશ પ્રમાણે ગ્રીષ્મ અને શરદ ઋતુઓ વચ્ચેની ઋતુ એટલે વર્ષા ઋતુ ? (૨) વૈદિક પરંપરા પ્રમાણે શ્રાવણ-ભાદરવા માસની ઋતુ તથા સાંપ્રત સમયાનુસાર અષાઢ-શ્રાવણ માસમાં પ્રવર્તમાન ઋતુ એટલે વર્ષા ઋતુ.

વરસાદ એટલે વર્ષા, મેહ, મેઘ, મેઉલા, મેઘલો. મેઘમાળા નામના પુસ્તકમાં મેઘ બાર ગણાયેલા છે, જેનાં નામ આ પ્રમાણે છે : સુબુદ્ધિ, નંદશાલિ, કન્યદ, પૃથુશ્રવા, વાસુકિ, તક્ષક, વિકર્તન, સર્વદ, હેમશાલી, જલેંદ્ર, વજ્રદંષ્ટ્ર અને વિષપ્રદ. શ્રાવણી કર્મમાં તેમનાં નામ કણદ, પૃથુશ્રવા, વાસુકિ, તક્ષક, જલેંદ્ર, વજ્રદંષ્ટ્ર, કેબલ, સુતરામ્બુ, હેમશાલી, સ્વરોધકર અને વિષપ્રદ એમ આપેલાં છે.

વળી ૧૨ પ્રકારના મેઘનું વર્ણન અને તેના ઉપરથી કહેવત બની છે : 'બારે મેઘ ખાંગા'. આ બાર પ્રકારના મેઘ આ પ્રમાણે છે :

૧. ફર ફર : જેનાથી માત્ર હાથ-પગનાં રૂંવાડાં જ ભીનાં થાય તેવો નજીવો વરસાદ.
૨. છાંટા : ફર ફરથી વધુ વરસાદ
૩. ફોરા : છાંટાથી વધુ મોટાં ટીપાં
૪. કરા : ફોરાથી વધુ પણ જેનું તરત જ પાણીમાં રૂપાંતર થઈ જાય તેવો વરસાદ
૫. પછેડીવા : પછેડી(ફેંટા જેવા સાથે રખાતા કપડાનો ટુકડો)થી રક્ષણ થાય તેવો વરસાદ
૬. નેવધાર : છાપરાનાં નેવાં ઉપરથી (નળિયા ઉપરથી) પાણી વહે તેવો વરસાદ
૭. મોલ મેહ : મોલ એટલે પાક, તેને જરૂરી હોય તેવો વરસાદ
૮. અનરાધાર : એક છાંટો, બીજા છાંટાને સ્પર્શી જાય અને ધાર પડે તેવો વરસાદ
૯. મુશળધાર : અનરાધારથી તીવ્ર વરસાદ (મુશળ = સાંબેલું). આ વરસાદને સાંબેલાધાર વરસાદ પણ કહેવામાં આવે છે.
૧૦. ઢેફાંભાંગ : વરસાદની તીવ્રતાથી ખેતરોમાં માટીનાં ઢેફાં નરમ થઈ તૂટી જાય તેવો વરસાદ
૧૧. પાણ મેહ : ખેતરો પાણીથી છલોછલ ભરાઈ જાય અને કૂવાના પાણી ઉપર આવી જાય તેવો વરસાદ
૧૨. હેલી : આ અગિયાર પ્રકારના વરસાદમાંથી કોઈ ને કોઈ વરસાદ સતત એક અઠવાડિયું ચાલે તેને 'હેલી' કહેવામાં આવે છે.

ગુજરાતી લૅક્સિકનના રૂઢિપ્રયોગ વિભાગમાં જઈ વરસાદને લગતા રૂઢિપ્રયોગ જોતાં નીચે જણાવ્યા મુજબના રૂઢિપ્રયોગ જોવા મળશે :

વરસાદ ચડવો/ચઢવો : ૧. વાદળ ઘેરાઈ જવાં ૨. વાદળ ઘેરાવાં ૩. વરસાદ પડે તેવું થવું,

વરસાદ થવો-પડવો-વરસવો : ૧. ધારાની માફક ઉપરાઉપરી પુષ્કળ વર્ષણ થવું. ૨. વરસવું.

વરસાદ ભરાઈ આવવો : વરસાદ વરસવાની તૈયારીમાં હોવો.

વરસાદ માઠો થઈ જવો : વરસાદ બંધ પડી જવો.

વરસાદ વરસાવવો : ૧. પુષ્કળ આપવું કે નાખવું ૨. ભારે જોરથી ઝીંકવું

વરસાદની ઊભ છે : વરસાદ આવવાની વકી છે.

વરસાદની પેઠે વાટ જોવી : ઘણી જ આતુરતાથી વાટ જોવી.

વરસાદનો કાતરો તૂટવો : વાદળાં વિખેરાઈ જવાં.

વરસાદનો વખત : ચોમાસું.

આપ સમાન બળ નહિ ને મેઘ સમાન જળ નહિ : ૧. જેમ વરસાદના પાણી જેવું શ્રેષ્ઠ બીજું પાણી નથી તેમ પોતાના બળ જેવું બીજું એકે બળ નથી. ૨. બીજાથી નહિ પરંતુ પોતાના બળથી જ કામ થઈ શકે છે.

કાળો મેઘ : બહુ કાળાં વાદળ સાથે ચઢી આવેલ વૃષ્ટિ.

કાળો મેઘ હોવું : ખૂબ પરગજુ હોવું.

બારે મેઘ ખાંગા થવા : ૧. ધોધમાર કે મુશળધાર વરસાદ પડવો. ૨. આનંદ થવો. ૩. મનધાર્યું થવું.

મારો જાણે મેઘજીભાઈ-બલારાત : હું શું કરવા જાણું ? કોણ જાણે ? બેદરકારીપણે જવાબ આપતાં હું જાણતો નથી અને જાણવાની દરકાર પણ કરતો નથી એ અર્થમાં બોલાય છે.

મેઘ સમાન જળ નહિ ને આપ સમાન બળ નહિ : જાતે કામ કરવું સારું; પારકી આશ તે સદા નિરાશ; આપ મૂઆ વિના સ્વર્ગે ન જવાય.

મેઘલી જામવી : ગાઢ અંધારું થઈ જવું.

મેઘાડંબર ગાજવું : ૧. ઘનઘોર ઘટામાં ગગડાટ થવા. ૨. લગ્નનાં ગીત ગાવાં. બૈરાંઓ લગ્નની ધામધૂમનો શોરબકોર બતાવવાના અર્થમાં ગાય છે.

મેઘાડંબર ગાજવો : ચોક્કસ કરી આપવું, અડચણ ઊભી કરવી, ગાજવીજ થવી.

બાળપણમાં વર્ષા ઋતુમાં આપણે એક ગીત ગાતાં હતાં, આવ રે વરસાદ, ઢેબરિયો પરસાદ, ઊની ઊની રોટલી ને કારેલાનું શાક. આવાં સરસ મજાનાં બાળગીતો આપ નીચે આપેલી લિંક ઉપર સાંભળી કે માણી શકો છો અને આપનાં બાળકો સાથે ગાઈ આનંદ લઈ શકો છો.

https://www.gujaratilexicon.com/explore-gujarat/gujarati-bal-geeto/

જો આપને ગુજરાતી લૅક્સિકન વિશે, તેની મોબાઈલ ઍપ્લિકેશન સંદર્ભે વધુ માહિતી મેળવવી હોય તો આપ અમને info@gujaratilexicon.com ઉપર ઈમેલ કરી શકો છો.

## આગામી કાર્યક્રમો

## શ્રી ભદ્રંકર વિદ્યાદીપક જ્ઞાન-વિજ્ઞાન વ્યાખ્યાનશ્રેણી (ઑનલાઇન કાર્યક્રમો)

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અને સંતુલન દ્વારા યોજાયેલા 'અસ્મિતા વિશેષ સંવાદ'માં શ્રી ભદ્રાયુ વછરાજાનીનો નીચેની વ્યક્તિઓ સાથે સંવાદ.

◈ **૧૬ ઑગસ્ટ, ૨૦૨૨, મંગળવાર : સાંજના ૫-૩૦**
શ્રી ગૌરાંગ વ્યાસ (સમયમર્યાદા : ૧ કલાક, ૩૫ મિનિટ)

◈ **૩૦ ઑગસ્ટ, ૨૦૨૨, મંગળવાર : સાંજના ૫-૩૦**
શ્રી કુમારપાળ દેસાઈ (સમયમર્યાદા : ૨ કલાક, ૩૩ મિનિટ)

## શ્રી રસિકલાલ છો. પરીખ વ્યાખ્યાનમાળા

◈ **૧૦ ઑગસ્ટ, ૨૦૨૨, બુધવાર : સાંજના ૫-૩૦**
વિષય : ગુજરાતનાં મુઘલકાલીન મંદિરો
વક્તા : થોમસ પરમાર

## પ્રિ. આર. એલ. સંઘવી અને શ્રીમતી મંજુલા આર. સંઘવી જ્ઞાનપ્રસાર વ્યાખ્યાનમાળા

◈ **૧૩ ઑગસ્ટ, ૨૦૨૨, શનિવાર : સાંજના ૫-૩૦**
વિષય : ટૂંકી વાર્તા, પઠન અને પ્રક્રિયા
વક્તા : રામ મોરી

### આસ્વાદ

◈ **૨૧ ઑગસ્ટ, ૨૦૨૨, રવિવાર : સવારના ૧૦-૦૦**
વિશ્વકોશભવનના શેઠ હઠીસિંહ કેસરીસિંહ સભાગૃહમાં શ્રી વ્રજરત્ન ગોસ્વામી દ્વારા 'હવેલી સંગીત' રજૂ કરવામાં આવશે.

## શ્રી ધીરુબહેન પટેલ બાળ-કિશોર સાહિત્ય કેન્દ્ર

ગુજરાતી વિશ્વકોશ દ્વારા એક નવું આયોજન આકાર લઈ રહ્યું છે. દર રવિવારે સવારે ૧૦.૩૦ વાગ્યે વિશ્વકોશ દ્વારા આજનાં બાળકોને પસંદ પડે તેવું કથાવસ્તુ ધરાવતી વાર્તા પ્રસ્તુત થશે.

૭મી ઑગસ્ટથી દર રવિવારે સવારે પાંચેક મિનિટની વાર્તા પ્રસ્તુત કરવામાં આવશે. જેનાથી બાળકોને ગુજરાતી ભાષામાં રસ પડે અને વર્તમાન સમયને અનુલક્ષીને રચાયેલી વાર્તાઓનો આનંદ પ્રાપ્ત થાય. આગામી ઑગસ્ટ મહિનામાં ૭ ઑગસ્ટે 'સોનુની શૉર્ટ્સ', ૧૪ ઑગસ્ટે 'મારા દેશનો હું સપૂત', ૨૧ ઑગસ્ટે 'નટખટ કાનુડો' અને ૨૮ ઑગસ્ટે 'સૌથી મોટું કોણ ?' એ વાર્તા રજૂ થશે.

૭ અને ૨૧ ઑગસ્ટે પ્રસ્તુત થનારી વાર્તાનું લેખન અને રજૂઆત પ્રીતિ ચોકસી અને ૧૪ અને ૨૮ ઑગસ્ટે પ્રસ્તુત થનારી વાર્તાનું લેખન અને રજૂઆત અલ્પા શાહ કરશે.

દર રવિવારે ૧૦.૩૦ વાગ્યે આ બાળવાર્તાઓ યૂટ્યૂબ ચૅનલ : Gujarat Vishvakosh Trust, ફેસબુક એકાઉન્ટ : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અને વૉટ્સએપ નં. ૯૮૯૮૦૪૨૬૯૯ પરથી રજૂ થશે.

## ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ

# માતૃભાષા ગુજરાતી : ઑનલાઇન પ્રસ્તુતિ

### ગુજરાતી વિશ્વકોશ

◈ હવે ઑનલાઈન ઉપલબ્ધ થયો છે ૨૬ ખંડોમાં ૨૬,૦૦૦ પૃષ્ઠમાં ૧૭૦ વિષયોનાં ૨૪,૦૦૦થી વધુ અધિકરણો ધરાવતો 'ગુજરાતી વિશ્વકોશ' ◈ છેલ્લા એક મહિનામાં ૧ લાખ ૨૦ હજાર જેટલા લોકોએ એનો ઉપયોગ કર્યો છે. ◈ ભારત, અમેરિકા, જર્મની, ઑસ્ટ્રેલિયા અને જાપાન વગેરે દેશના લોકોએ વિશ્વકોશમાંથી વિગતો મેળવી છે. ◈ ઑનલાઈન 'ગુજરાતી વિશ્વકોશ' જોવા માટે https://gujarativishwakosh.org

### ગુજરાતી લૅક્સિકન

◈ રોજ અંદાજિત છ હજારથી વધુ લોકો આ વેબસાઈટની મુલાકાત લે છે. ◈ છેલ્લા એક મહિનામાં એક લાખ અઠ્ઠાવન હજાર લોકોએ આ વેબસાઈટની મુલાકાત લીધી. ◈ અત્યાર સુધીમાં ચાર કરોડ તોંતેર લાખથી વધુ લોકોએ આની મુલાકાત લીધી છે. ◈ ભારત, અમેરિકા, કૅનેડા, ઑસ્ટ્રેલિયા, આરબ દેશો, જર્મની, નેધરલૅન્ડ, સિંગાપોર, ન્યૂઝીલૅન્ડ જેવા વિવિધ દેશોએ આ સાઈટની મુલાકાત લીધી છે. ◈ 'ગુજરાતી લૅક્સિકન' જોવા માટે www.gujaratilexicon.com

### 'વિશ્વવિહાર' સામયિક

◈ દર મહિને પ્રકાશિત થતું ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટનું વિશ્વની ગતિવિધિ આલેખતું સામયિક 'વિશ્વવિહાર'ના પ્રત્યેક મૂલ્યવાન લેખો ક્રમશઃ યૂટ્યૂબ પર સાંભળી શકાશે.

### જ્ઞાન-વિજ્ઞાનવિષયક પ્રવચનો

◈ ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટમાં થતાં દરેક પ્રવચનો યૂટ્યૂબ પર પ્રાપ્ત થશે. કેટલાંક પ્રવચનો ફેસબુક પર લાઈવ કરવામાં આવે છે.

### વિશ્વકોશ, તમારે આંગણે

◈ દર બુધવારે અને દર શનિવારે 'વિશ્વકોશ, તમારે આંગણે' નામના વિભાગમાં ગુજરાતી વિશ્વકોશ અને બાળવિશ્વકોશનાં અધિકરણો તેમજ 'આજનો વિચાર', 'પ્રસંગમાધુરી' જેવા વિભાગો વૉટ્સએપ પર જોઈ શકાશે.

### બાળવાર્તાની પ્રસ્તુતિ


◈ 'ગુજરાતી વિશ્વકોશ' દ્વારા દર રવિવારે સવારે ૧૦-૩૦ વાગ્યે બાળકોને ગમી જાય તેવી વાર્તાઓ

આ બધા કાર્યક્રમો તમે અમારા યૂટ્યૂબ : (Gujarat Vishvakosh Trust)
અને ફેસબુક એકાઉન્ટ : (ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ)
અને વૉટ્સએપ (મો. ૯૮૯૮૦૪૨૬૯૯) પરથી નિહાળી શકશો.


દર માસની ૫મી તારીખે પ્રકાશિત ISSN 2321 6999

RNI No. GUJGUJ/1998/4459. postal Regd. No. GAMC 1375 2021-23 issued by SSP Ahmedabad-9. Valid Upto 31-12-2023. License to post without Prepayment No. PMG/NG/111/2021-2023. valid upto 31/12/2023. Posted at Ahd PSO On 5th every month.


## ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટનાં મૂલ્યવાન પ્રકાશનો





**સમાજ, વ્યક્તિ અને કાયદો**
લે. બી. એમ. ગાંધી,
કિં. ₹ ૧૬૫/-





**જનીનવિજ્ઞાન**
લે. જે. પી. ત્રિવેદી,
કિં. ₹ ૬૦/-





**જીવનશિક્ષણ**
લે. જસુભાઈ કવિ,
કિં. ₹ ૧૨૦/-




**મેઘાણીચરિત**
લે. કનુભાઈ જાની,
કિં. ₹ ૮૦/-




**રેલવેની વિકાસગાથા**
લે. જિગીષ દેરાસરી,
કિં. ₹ ૧૦૦/-




**ડાયનોસૉર**
લે. પ્રવીણસાગર સત્યપંથી,
કિં. ₹ ૧૨૦/-